Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 23 - Issue : 04

January, 2019



પૂજ્ય શ્રીમોટા સાથે પૂજ્ય શ્રીનારાયણ સ્વામી સને. ૧૯૪૮



દત્ત ભગવાનનો દરબાર બધાંને માટે ખુલ્લો છે અને આ દત્તસેવક દરેકની સેવા કરવા તૈયાર છે, પણ લોકોને મારી જ્ઞાનગોષ્ઠિ નથી ગમતી. તેઓ તો મારી કહેવાતી સિદ્ધિથી પોતાનાં ઘરનાં નળિયાં સોનાનાં થાય ને પોતે ઝેર ખાવાનું ચાલુ રાખે તોપણ મારા આશીર્વાદ માત્રથી અમર થાય, એ હેતુથી કોકવાર મારી તરફ દોડી આવે છે.

કોઈ મારો સાચો લાભ ન લે તેમાં મારો દોષ નથી.

- શ્રીરંગ અવધૂત

'શ્રીરંગ પત્રમંજૂષા ભાગ-૨', પ્ર. આ., પૃ. ૧૩

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૪ અંક : ૪ જાન્યુઆરી, ૨૦૧૯

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. એવી અમ સાધુડાંને ટેવ / હું પોલી વાંસળી માત્ર ...શ્રીમોટા ૪
૨. નિદ્રાવિહીન સંત .................... પરમહંસ યોગાનંદ ૫
૩. ધર્મો અને આધ્યાત્મિકતા ....................... માતાજી ૮
૪. તલના કરોડમા ભાગ જેટલાં કલ્યાણકારી કામો આવા શરીરથી થાય છે ....................... શ્રીમોટા ૧૧
૫. ભક્તકવિ ઈસરદાસજીની રચના : હરિરસ .. વી.એસ.ગઢવી ૧૨
૬. પૂજ્ય શ્રીમોટા દ્વારા સુવર્ણ ચંદ્રકથી સંમાનિત : ડૉ. નવનીત ફોજદાર ...............વિક્રમ-ભદ્રા સવાઈ ૧૪
૭. પૂજ્ય શ્રીમોટા સાથે વાર્તાલાપ ........... રતિલાલ મહેતા ૧૭
૮. મહાસતી શ્રીગોદાવરી માતાજી : (૧) ................. ........................... અનુ. જ્યોત્સ્નાબહેન વૈદ્ય ૧૮
૯. હિમાલયમાં દિવ્યાનંદ : (૧) .............શ્રીદાસાનુદાસ ૨૨
૧૦. પ્રાર્થનાનું બળ ................................શ્રીમોટા ૨૪
૧૧. મંત્રની શક્તિ ................................શ્રીમોટા ૨૫
૧૨. મૃત્યુ સ્વાભાવિક સ્થિતિ છે, આપણે એને અકારી કરી મૂકી છે .................................શ્રીમોટા ૨૬

### હરિઃૐ

**જેનામાં ભક્તિ જાગે છે તેને કોઈ પરત્વે વેર નથી, કોઈ પરત્વે તુચ્છકાર નથી. સર્વને તે પોતાનામાં જુએ છે અને સર્વમાં પોતાને જુએ છે.**

**મારા મનથી એક વાત ચોક્કસ છે કે સંકળાયેલ જીવના પ્રાણને મારા હૃદય સાથે પ્રભુકૃપાથી બાંધી લેવાનો છું કે જેથી કરીને જન્મોજન્મ સાથે જ રહી શકીએ અને હોઈ શકીએ.**

'જીવનમંડાણ', બી.આ. પૃ. ૪૩, ૧૭૪ **-શ્રીમોટા**

## (૧) સાધુડાંને ટેવ

(ગઝલ)

જેનું લઈએ તેનું દઈએ અમે, રાખીએ સમતોલ,
ઘટતું કે વધુ નવ તોલીએ, દઈએ સરખાં જ મોલ. -એવી.
અમારો વેપાર શ્રીનામનો, એની સાથે જ કામ,
એ સાથે જેનો વ્યવહાર છે, અમ પિયર એ અમ ધામ. -એવી.
અમારે નાનમ મોટપ નથી, નથી શરમ ને લાજ;
ઘરબાર ને ખેતર નથી, અમે ફરીએ બેતાજ. -એવી.
અમે તો રાજા અમ પિંડના, અમે અમારા શિરતાજ,
કોઈના કહ્યામાં અમે નથી, અમારો પ્રેમ-રાજ. -એવી.
સારાયે વિશ્વમાં વર્તતી, અમ વહાલાકેરી આણ,
અમારે તે ઓછપ શી પછી ? જ્યાં જઈએ ત્યાં એંધાણ. -એવી.
અમોને ભટકવાની ટેવ છે, રહીએ એક ન ગામ,
અમારાં ઠેકાણાં કશાં નહિ, અમે તો બેઠામ. -એવી.
સ્વેચ્છાચારે ફરતાં જુએ, અમને જગ બેલગામ,
અમે તો ધણીકેરાં ઘોડલાં, અમને એની લગામ. -એવી.
જગના તમે લોક રાખજો, જો રખાય તો હેત,
અમે તો આવીશું ભીખ માગતાં, પુકારી અહાલેક. -એવી.

'જીવન પગથી', પ્ર.આ. પૃ. ૧૨૯ ❑

## (૨) હું પોલી વાંસળી માત્ર

(ગઝલ)

કશા અદ્‌ભુત ચમત્કાર તણી શક્તિ ન મુજ પાસે,
હું પોલી વાંસળી માત્ર હરિના હોઠ પરની જે.
વગાડે તો જ વાગે તે ન એની મેળે વાગે છે,
ન મારી લાયકાત જ કૈં સ્વતંત્ર રીત કોઈ છે !
નિરંતર પરાવલંબી હું લપાઈને હરિપડખે,
નિરાંતે શો પળેપળ દિલ સૂઈ રહેવાનું જાણું તે !
હું તાબેદાર સંપૂર્ણ હરિનાં ચરણનો દાસ,
છતાં લાચારી ભોગવતો ન કોઈ રીત હું ખાસ.

'જીવન પગદંડી', પ્ર.આ. પૃ. ૩૪૪ ❑

## (૨) નિદ્રાવિહીન સંત

પરમહંસ યોગાનંદ

મારા ગુરુજી શ્રીયુક્તેશ્વરજીની સાથે મને રહેવા આવ્યાને હજુ તો માત્ર છ જ મહિના થયા હતા અને તેથી એમના અતિ ઉન્નત વ્યક્તિત્વને હું બરોબર પીછાણી શક્યો ન હતો.

આશ્રમની ફરજો અને કૉલેજના અભ્યાસના કારણે હું વધારે અધીરો થયો એટલે એક વખત મારા ગુરુજીને મેં ખરેખર આવા કૃતઘ્ન શબ્દોથી સંબોધેલા :-

'કૃપા કરીને મને હિમાલય તરફ જવાની રજા આપો. અખંડ એકાંતમાં અવિરત દિવ્ય સંપર્ક સાધવાની હું આશા રાખું છું.'

મારા ગુરુએ હળવેથી અને સરળતાથી જવાબ આપ્યો : 'ઘણા પર્વતવાસીઓ હિમાલયમાં રહે છે, છતાં આત્મદર્શનથી તેઓ વંચિત છે. જડ પર્વત પાસેથી નહિ કિંતુ આત્મદર્શી પુરુષ પાસેથી ડહાપણ પ્રાપ્ત કરવું જોઈએ.' ગુરુજીનો સ્પષ્ટ સંકેત હતો કે તેઓ પોતે, અને નહિ કે પર્વત, મારા ગુરુ હતા, પરંતુ તેને અવગણીને મેં મારી માગણી ચાલુ જ રાખી. શ્રીયુક્તેશ્વરજીએ કશો જવાબ ન આપ્યો. એમના મૌનને મેં સંમતિ સમજી લીધી-સગવડિયું અર્થઘટન.

તે જ સાંજે હું કલકત્તાના મારા ઘરે મુસાફરીની તૈયારી કરવામાં રોકાઈ ગયો. હિમાલય તરફનું મારું આ બીજું પલાયન પણ અગાઉના પ્રયાસની મને યાદ આવી ગઈ. આ પલાયન પણ અગાઉના જેવું દુર્ભાગી નીવડે નહિ એવી મને શંકા થવા લાગી. આજે રાત્રે મારા ગુરુના વિયોગના વિચારથી મારું અંતઃકરણ મને ફટકારતું હતું.

બીજી સવારે મેં સ્કોટિશ ચર્ચ કૉલેજના મારા સંસ્કૃતના અધ્યાપક બિહારી પંડિતને શોધી કાઢ્યા. મેં તેમને વિનંતી કરી કે તેઓએ એક વખત લાહરિ મહાશયના મહાન શિષ્ય સાથેની એમની મૈત્રીની વાત મને કરી હતી, તેમનું સરનામું મને આપો. પંડિતજીએ કહ્યું કે અમે એમને નિદ્રાવિહીન સંત તરીકે કહીએ છીએ. એ રામગોપાલ મજમુદાર જેઓ હંમેશાં દિવ્ય સમાધિમાં જ જાગ્રત રહે છે. તેઓ તારકેશ્વર પાસે આવેલા રણબાજપુરમાં રહે છે. મેં પંડિતનો આભાર માન્યો અને તારકેશ્વરની ગાડીમાં બેસી ગયો.

હિમાલયના કોઈ એકાંત ખૂણામાં ધ્યાનમાં બેસી જવા માટે આ 'નિદ્રાવિહીન સંત' પાસેથી મંજૂરી મેળવી, મારી આશંકાઓને શાંત કરી દેવાની મેં આશા રાખી હતી. બિહારી પંડિતે મને કહ્યું હતું કે બંગાળની એકાંત ગુફાઓમાં કરેલાં 'ક્રિયાયોગ'નાં વર્ષોના અભ્યાસ પછી રામગોપાલને આત્મસાક્ષાત્કાર થયો હતો.

હું તારકેશ્વરના પ્રખ્યાત મંદિરમાં પહોંચી ગયો. હિંદુઓ આ મંદિર માટે ઘણો પૂજ્યભાવ રાખે છે. રોગનિવારણના અસંખ્ય ચમત્કારો તારકેશ્વરમાં બન્યા છે, જેમાં મારા કુટુંબના એક સભ્યને થયેલા અનુભવનો પણ સમાવેશ થઈ જાય છે.

હું તારકેશ્વરના પવિત્ર મંદિરમાં દાખલ થયો. ગર્ભદ્વારમાં વેદી ઉપર એક ગોળ પથ્થર સિવાય બીજું કશું જ નથી. તેનો પરિઘ, અનાદિ અને

અનંત ઈશ્વરના અમર્યાદપણાના પ્રતીક જેવો છે. આ ક્ષણે મારી મનોવૃત્તિ એવી કઠોર થઈ ગઈ હતી કે આ પથ્થરની પ્રતિમાને પ્રણામ કરવાની મને લાગણી થઈ નહિ. મેં મનમાં વિચાર કર્યો કે પરમાત્માને તો માત્ર અંતરમાં જ શોધવો જોઈએ. હું સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા વિના જ મંદિર છોડી ગયો અને બાજુમાં આવેલા રણબાજપુર તરફ જવા ઝડપથી ચાલી નીકળ્યો. મને રસ્તાની ખબર ન હતી. માર્ગદર્શન માટે એક રાહદારીને પૂછતાં તે ઊંડા વિચારમાં પડી ગયો. છેવટે તેણે દ્વિઅર્થી જવાબ આપ્યો કે જ્યાં બે રસ્તા મળે છે ત્યાંથી તમે જમણી બાજુ વળીને ચાલ્યા કરજો.

આ દિશા સૂચન અનુસાર એક નહેરના કિનારે કિનારે મેં ચાલવા માંડ્યું. અંધારું થયું. આ રીતે બે કલાક સુધી મેં ફાંફાં માર્યા. મારી વારંવારની બૂમોથી એક ખેડૂત મારી પાસે આવ્યો. તે મને તેના ઘરે લઈ ગયો અને મારો અતિથિ સત્કાર કર્યો. તેણે કહ્યું, ‘રણબાજપુર અહીંથી ઘણું દૂર છે. બે રસ્તાના સંગમ આગળ તમારે જમણીને બદલે ડાબી બાજુએ જવું જોઈતું હતું. તે રાત્રિએ ઊંઘ તો આવે તેમ ન હતી. એકાંતવાસી યોગી રામગોપાલ તરફ સીધા દોરી જવા માટે મેં ખૂબ ઊંડી પ્રાર્થના કરી.’

વહેલી સવારે હું રણબાજપુર જવા નીકળી પડ્યો. છ કલાકમાં સૂર્ય મધ્ય આકાશે આવ્યો. નમતા બપોરે ડાંગરની અનંત ક્યારીઓમાં જ હું અટવાતો હતો. ગરમી મને મૂર્છિત કરી દેતી હતી. એટલામાં એક અજાણ્યો માણસ મારી બાજુમાં આવીને ઊભો રહ્યો. નીચા કદની અને પાતળી એવી એ વ્યક્તિ શારીરિક રીતે પ્રભાવશાળી ન હતી, પણ તેમની કાળી વેધક આંખો અસાધારણ હતી.

મારા ચહેરા સામે આંગળી ચીંધીને તેમણે કહ્યું, ‘હું રણબાજપુર છોડી જવાનો વિચાર જ કરી રહ્યો હતો પણ તારો હેતુ શુદ્ધ હતો. તેથી તારા માટે રોકાઈ ગયો. તે અધ્યાપક બિહારીને મારું સરનામું તને આપવાનો અધિકાર ન હતો.’ અચાનક જ મને સવાલ પૂછ્યો : ‘મને કહે, તારા વિચારથી ઈશ્વર ક્યાં છે ?’

‘કેમ, તે મારામાં અને સર્વત્ર છે’ સંત મલકાયા. ‘સર્વવ્યાપક ! ઓહ ! ત્યારે યુવાન સાહેબ, ગઈ કાલે તારકેશ્વર મંદિરની પાષાણ પ્રતિમામાં રહેલા અમર્યાદ ઈશ્વરને નમસ્કાર શા માટે નહિ કર્યા ?’

ખરા અંતઃકરણથી મેં કબૂલ કર્યું. યોગીના શરીરમાંથી આરોગ્યપ્રદ શક્તિપ્રવાહનો પ્રાદુર્ભાવ થયો, તુરત જ ધોમધખતા ખેતરમાં મેં તાજગી અનુભવી. તેમણે કહ્યું કે યોગ એક શ્રેષ્ઠ રસ્તો છે. જેના દ્વારા દિવ્યતાની પ્રાપ્તિ અંતરમાં જ થઈ શકે છે એમ લાહિરી મહાશયે અમને કહ્યું હતું, પરંતુ અંતરમાં ઈશ્વરને મેળવતાં અમને તે બહાર પણ દેખાય છે. તારકેશ્વરનાં અને અન્ય સ્થળોનાં પવિત્ર મંદિરો આધ્યાત્મિક શક્તિનાં મધ્યવર્તી કેંદ્રો તરીકે સાચી રીચે જ પુજાય છે.

સંતની આંખો કરુણાથી મૃદુ થઈ. તેમણે મારો ખભો થાબડ્યો. ‘યુવાન યોગી, હું જોઉં છું કે તું તારા ગુરુ પાસેથી ભાગી નીકળ્યો છે. તારે જેની જરૂર છે એવી દરેક વસ્તુ તેમની પાસે છે. તારે તેમની પાસે પાછા જવું જોઈએ. પર્વતો તારા ગુરુ બની શકશે નહિ.’

'મહાત્માઓનો નિવાસ પર્વતો ઉપર જ હોય તેવા વિશ્વનિયમનું કોઈ બંધન નથી. ભારતમાંના હિમાલય અને તિબેટ પાસે જ કાંઈ સંતોનો ઈજારો નથી. જે અંદરથી શોધી કાઢવાની મહેનત કરતો નથી, તે શરીરને ગમે ત્યાં પણ લઈ જશે તોપણ તે મળવાનું નથી. આધ્યાત્મિક પ્રકાશ માટે દુનિયાના છેડા સુધી પણ જવાની જેની તૈયારી હશે તે સાધકને ગુરુ બાજુમાંથી મળી આવે છે. જ્યાં બારણાં બંધ કરી એકાંત કરી શકાય એવી એક નાની ઓરડી તું મેળવી શકીશ ? એ જ તારી ગુફા છે. ત્યાં જ તને ઈશ્વરનું સામ્રાજ્ય મળશે.'

સંત મને તેમની ઝૂંપડીમાં દોરી ગયા. અમે બન્ને પદ્માસન વાળીને બેઠા. મને ભૂખ લાગી હતી. સંતે જાતે રસોઈ તૈયાર કરી. મોટા કેળના પાંદડાઓ ઉપર પીરસવામાં આવેલ ભાત અને દાળનું ભોજન અમે લીધું.

મેં તેમને એક વિનંતી કરવાની હામ ભીડી. 'મહારાજ આપ મને 'સમાધિ'ની બક્ષિસ શા માટે આપતા નથી ? તેમનો જવાબ હતો 'એ મારા અધિકારની વાત નથી. તારા ગુરુ તને એ અનુભવ થોડા વખતમાં કરાવશે. તારું શરીર હજુ તેને માટે તૈયાર થયું નથી. જેમ નાનો વીજળીનો દીવો, ઘણી વધારે વીજળી શક્તિથી ઊડી જાય છે, તેમ તારા જ્ઞાનતંતુઓ વિશ્વપ્રવાહના વહન માટે તૈયાર નથી. જો હું અત્યારે જ એ અમર્યાદિત પરમાનંદ તને આપું તો તારા પ્રત્યેક કોશને આગ લાગી હોય તેમ તું અગ્નિથી બળીશ. વીસ વર્ષ સુધી હું એકાંત ગુફામાં રહ્યો છું. દરરોજ અઢાર કલાક સુધી ધ્યાન કર્યું છે. ત્યાર પછી હું વધારે એક અગમ્ય ગુફામાં ગયો. ત્યાં બીજા પચીસ વર્ષ સુધી રહ્યો અને દરરોજ વીસ કલાક સુધી સમાધિમાં રહ્યો. મને નિદ્રાની જરૂર જ રહી ન હતી, કેમ કે હું નિત્ય ઈશ્વરના સાંનિધ્યમાં હતો.

'ઊંઘમાં સ્નાયુઓ આરામ ભોગવે છે, પરંતુ હૃદય, ફેફસાં અને રક્ત સંચાલન તંત્ર સતત કાર્યશીલ રહે છે. તેમને બિલકુલ આરામ મળતો નથી. એક વખત એવો આવશે જ્યારે તું પણ ઊંઘનો પરિત્યાગ કરીશ. તારે માટે હું કંઈક કરીશ.'

પાછા ફરતી વખતે તારકેશ્વર મંદિરની મેં બીજી વાર યાત્રા કરી અને શિવલિંગની સન્મુખ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એક કલાક પછી હું સુખેથી કલકત્તાની ટ્રેનમાં બેઠો. આ રીતે મારી યાત્રાનો અંત આવ્યો. હિમાલય સરખા મારા ગુરુની ભવ્ય હાજરીમાં.

'યોગી કથામૃત', પાંચમી આ. પૃ. ૧૭૩ ❑

હરિઃૐ

**નમ્રતા**

**નમ્રતા એ હૃદયનો કદાચ સર્વોચ્ચ સદ્‌ગુણ હશે.**

**નમ્રતા બુદ્ધિપૂર્વક કેળવી શકાતી નથી. એ તો આપમેળે જ હૃદયમાંથી ઊગી નીકળે છે.**

**શ્રીભગવાનની ઈચ્છા વિના એક પાંદડુંયે હાલતું નથી એવા જ્ઞાનમાંથી જ સાચી નમ્રતા જન્મે છે અને 'હું પણું' મોળું પડે છે.**

**બધી ઈંદ્રિયો, મન, ને પ્રાણ સમગ્રપણે જ્યારે મૌનસેવે છે ત્યારે જ નમ્રતાનો સાત્ત્વિક ગુણ જીવનમાં સાકાર થાય છે. -શ્રીમોટા**

'જીવનસંદેશ', બી આ. પૃ. ૨૬૩ ❑

## (૩) ધર્મો અને આધ્યાત્મિકતા

માતાજી

*(ધાર્મિક જીવન આધ્યાત્મિક જીવન માટેના પ્રાથમિક પ્રયાસરૂપ હોઈ શકે, પરંતુ મોટેભાગે તો એ વિધિ-વિધાનો, પ્રક્રિયાઓ, રૂઢ થયેલા વિચારો અને રચનાઓમાં વિના કારણ ગોળ ગોળ ફરવા સમાન બની રહે છે. - શ્રીઅરવિંદ)*

ખરું જોતાં આપણે ધર્મ શબ્દ વાપરવાના બદલે 'ધર્મો' કહેવું વધારે યોગ્ય ગણાય, કારણ કે માનવે ઉત્પન્ન કરેલા ધર્મો અનેક છે. બધા ધર્મોની એક જ જાતની કથા છે, જગતમાં કોઈ મહાન ગુરુ અથવા પયગંબર પ્રગટે છે. તેની આસપાસ કોઈ ધર્મ રચાય છે. તે પોતે કોઈ દિવ્ય સત્યનો અવતાર તો હોય જ છે અને તેનો તે પ્રકાશ કરી જાય છે, પરંતુ માણસો તે સત્ત્વનો કબજો લઈ લે છે અને તેનો વેપાર આદરે છે અને રાજકીય કહેવાય એવું તંત્ર ઊભું કરી દે છે.

માણસો ધર્મને નીતિ-નિયમો, સિદ્ધાંતો, મંતવ્યો, વિધિઓ અને ક્રિયાઓ વગેરેનું સ્થાપન કરી દે છે અને એ ધર્મના જે અનુયાયીઓ હોય તેમને માટે એ બધું બંધનકર્તા બની રહે છે. કોઈ તેનો વિરોધ કરી શકતું નથી. વળી, રાજ્યની પેઠે ધર્મ પણ પોતાના વફાદાર અનુયાયીઓને ઈનામ આપે છે અને વિરોધ કરનારને સજા પણ કરે છે.

આવા બાહ્ય અને સ્થાપિત ધર્મોનું પહેલું અને મુખ્ય મંતવ્ય હોય છે કે 'મારા ધર્મમાં પરમ સત્ય રહેલું છે. અમારી પાસે જ એકમાત્ર અથવા ઊંચામાં ઊંચું સત્ય છે.' ધર્મનાં મંતવ્યો અને સિદ્ધાંતો માનવ મનમાં જ બનાવેલાં છે. ધાર્મિક સંપ્રદાય કે મતનો સ્વીકાર કરનાર પોતાને તેની અંદર જ બાંધી રાખે છે. પરિણામે અંતરાત્માની પ્રગતિ તથા વિસ્તાર અટકી જાય છે. દરેક ધર્મમાં ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરેલું હોય એવી વ્યક્તિઓ મળી આવે છે, પરંતુ તે તેમના ધર્મને કારણે હોવા કરતાં તેમની પોતાની આત્મશક્તિના કારણે હોય છે.

જે ધર્મમાં તમે જન્મ્યા કે ઊછર્યા હો તેનું સાચું મૂલ્ય તમારે આંકવું હોય તો એકવાર પૃથ્વીનું પર્યટન કરી આવો. તમને જોવા-જાણવા મળશે કે તમે જેને સારું કહો છો તેને બીજે ઠેકાણે 'નઠારું' ગણવામાં આવે છે. સર્વ રાષ્ટ્રો અને સઘળા ધર્મોની પ્રતિષ્ઠા પરાપૂર્વથી ચાલી આવતી અમુક માન્યતાઓ ઉપર જ બંધાયેલી છે. સર્વ ધર્મોમાં તમને સંતો, મહાન સમર્થ વ્યક્તિઓ મળી આવશે સાથોસાથ સંકુચિત હૃદયના અને દુષ્ટ પુરુષો પણ મળી આવશે.

ધર્મ એ રીતે તમારા ઉપર બહારથી લદાયેલ છે. એ ધર્મની સત્તા ટકાવવા માટે કોઈ ને કોઈ ધાર્મિક ભય અથવા બીજી કોઈ ધમકીનો આશ્રય લેવાય છે. પ્રભુ સાથેના તમારા સંબંધમાં એવી કોઈ જાતની ધમકી કે ભયને જરા પણ સ્થાન નથી. માણસો ધર્મની મહત્તા અને શક્તિનું માપ તેના અનુયાયીઓની સંખ્યા પરથી કાઢે છે. જોકે સાચી મહત્તા એવી

સંખ્યામાં નથી જ રહેલી. સત્ય તો સ્વયં પ્રકાશ છે એટલે એક પણ અનુયાયી ન હોય છતાં સત્ય તો સત્ય જ રહેવાનું છે.

જગતમાં આવેલા સંપ્રદાયો અને ધર્મો એમ ગણતા હોય છે કે અમારી જે માન્યતાઓ છે તે જ જ્ઞાન છે અને બીજાની માન્યતાઓ તે ભૂલ છે. આને લીધે જ એમનામાં જડ સિદ્ધાંતો બંધાઈ ગયેલા છે અને અસહિષ્ણુતા આવેલી છે. હકીકતે એક રીતે તે અંગત-વ્યક્તિગત હોવાથી એ કોઈ અનન્ય કે સર્વવ્યાપક નિયમ નથી. આટલી સમજણ આવતાં તમારું દૃષ્ટિબિંદુ બીજાઓના ઉપર લાદવાની ઇચ્છા તમને થશે નહિ, એના કારણે સાવ નકામા માનસિક ઝઘડાઓ તમે ટાળી દઈ શકશો.

આધ્યાત્મિક જીવન, ધાર્મિક જીવન અને સામાન્ય માનવજીવન એ ત્રણેયના ભાગરૂપે નૈતિકતા આવે છે, પરંતુ વ્યક્તિએ એ ત્રણ વસ્તુઓને એક જ સમજવાનો ગોટાળો ન કરવો જોઈએ. **આધ્યાત્મિક જીવન પ્રત્યે ગતિ થવા માટે, ધાર્મિક જીવન એ એક પ્રાથમિક શરૂઆત હોઈ શકે.**

મોટા ભાગના ધર્મપંથોના સ્થાપકોએ ઠીક ઠીક સંખ્યામાં ચમત્કારો કર્યાની વાતો મૂકવામાં આવેલી છે. કોઈ એક વ્યક્તિમાં દિવ્ય શક્તિ છે એમ તેઓ ત્યારે જ માની શકે છે, કે જ્યારે એ વ્યક્તિ ચમત્કાર ગણાય એવી કોઈ વસ્તુ કરી બતાવે. આ તો એક ભારે અજ્ઞાનાવસ્થા કહેવાય. ખરું જોતાં ચમત્કારો કરવા માટે કોઈ પ્રકારની દિવ્ય ચેતના કે શક્તિની જરૂર નથી હોતી. પ્રાણમય જગતનાં નાનાં નાનાં સત્ત્વોની મદદથી ચમત્કારો થઈ શકે છે.

હઠયોગ અને રાજયોગ જેવા યોગસાધનાના માર્ગો છે જેમનો અભ્યાસ કરવા છતાં આધ્યાત્મિક જીવન સાથે સાધકનો કશો જ સંબંધ હોય નહિ. **હઠયોગ એ શરીર ઉપર સંયમ પ્રાપ્ત કરાવે છે. રાજયોગ મનનો સંયમ કરાવે છે,** પરંતુ આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરવો એટલે તો દરિયામાં તમે જેમ ઝંપલાવો છે તેમ ભગવાનમાં ઝંપલાવવું, ભગવાનમાં જીવન ધારણ કરતાં શીખવું.

અલબત્ત, જેમ દરિયામાં ઝંપલાવતાં પહેલાં તમે દરિયો જોયો હોવો જોઈએ, તથા તેને વિશે કાંઈક જાણવું પણ જોઈએ, તેમ આધ્યાત્મિક વાસ્તવિકતાની કંઈક ઝાંખી તમને થયેલી હોવી જોઈએ. તમારી અંદર કે તમારી આજુબાજુ ભગવાનની હાજરી તમે અનુભવેલી હોવી જોઈએ. સામાન્ય જીવનની ગૂંગળાવી નાખતી હવાનું દબાણ તમે અનુભવ્યું હોવું જોઈએ અને એ ભારે વાતાવરણમાંથી બહાર નીકળવા માટે પ્રયત્ન કરવા માટે તમને પ્રેરણા થયેલી હોવી જોઈએ. તમારે સંપૂર્ણપણે અને સદાને માટે સમર્પણ કરવાનું છે. એમ કર્યા વિના તમે વર્ષો સુધી સાધના કર્યા કરો છતાં સાચા આધ્યાત્મિક જીવન વિશે તમને કાંઈ પણ જ્ઞાન ન મળે એ બનવા જોગ છે. સંપૂર્ણ ભાવે અને સમગ્ર ભાવે ઝુકાવો. આ બાહ્ય જગતની અવ્યવસ્થિતતાથી તમે મુક્ત થઈ જશો અને સાચા આધ્યાત્મિક જીવનનો અનુભવ મેળવશો.

પોતાના આવેગો ઉપર શાંતિથી, સ્વસ્થતાથી સ્વામિત્વ મેળવવું ઘણું અઘરું છે અને તેમને

બહાર દૃશ્યમાન થવામાંથી અટકાવવા તે તો તેનાથી પણ વધારે અઘરું છે.

ત્યાગીનાં પગલાં લીધા સિવાય, તમારી માલિકીની જે વસ્તુઓ હોય તેના પર આસક્ત ન થવું તે વધારે મુશ્કેલ છે. આધ્યાત્મિકતા સર્વમાં વ્યાપી રહેલા એક તત્ત્વનું દર્શન કરાવે છે. એ સાચું છે, પરંતુ સાથે સાથે તે અનંત વિવિધતાનું દર્શન પણ આપે છે.

**નીતિ દૈવી નથી યા તો પ્રભુ તરફથી આવતી નથી. તે માનવકૃત અને માનવીય છે.** નીતિ વસ્તુઓમાં 'સારું' અને 'ખરાબ' એવો ભેદ સ્વીકારી લે છે, પરંતુ એ ભેદ સ્વચ્છંદી અને સાપેક્ષ છે. જ્યારે આધ્યાત્મિક જીવન તો ઈચ્છાઓનો સદંતર ઈન્કાર કરવાની તમારી પાસે માગણી કરે છે એનો નિયમ એ હોય છે કે પ્રભુથી તમને દૂર ખેંચી જનારી સર્વે ક્રિયાઓ અને ગતિઓનો તમારે સદંતર ત્યાગ કરવાનો છે.

તમે એક ખૂણામાં શાંતિથી બેસી જઈને ધ્યાન કરી શકો તો એ આધ્યાત્મિક જીવનનું લક્ષણ કહેવાય એમ કેટલાંક લોકો માને છે. ધ્યાન માટેની પોતાની શક્તિ વિશે જેઓ બડાઈ કરતા હોય છે તેમાંથી ઘણા ખરા એક કલાકમાંથી એક મિનિટ પણ ધ્યાન કરતા હશે એમ હું માનતી નથી. જેઓ સાચેસાચ ધ્યાન કરતા હોય છે, તેઓ બડાઈ મારતા હોતા નથી. તેના માટે એ તદ્દન સ્વાભાવિક વસ્તુ હોય છે. એવી અવસ્થા આવે છે જ્યારે ધ્યાન થતું અટકાવવા માટે તમારે પ્રયત્ન કરવાની જરૂર પડે છે.

ભગવાન વિશે ચિંતન બંધ કરવું અઘરું લાગે છે. સવારથી સાંજ સુધી ધ્યાન સહજ રીતે ચાલ્યા જ કરે ત્યારે તમારી આધ્યાત્મિક પ્રગતિ થયા વિશે તમે ખાતરી રાખી શકો. તમારે એક જ વસ્તુ મેળવવાની છે—સચેતનતા, ભગવાનની ચેતનાની અખંડ અનુભૂતિ.

'પ્રભુ અર્પણ', નવેમ્બર-૨૦૧૮ સંકલિત અંશો ❑

હરિઃૐ

**(અનુષ્ટુપ)**

**માનવી હાથ ચાવી છે ભવિષ્ય ઘડવા ખરી,**
**સ્વતંત્રતા પ્રભુ-બક્ષી માનવી જીવને પૂરી.**

**સંપત્તિ જે ગમે તેવી વેપારે રળી હો ભલે,**
**યદ્વાતદ્વાપણું જો રે' ત્યાં તો સર્વ ગુમાવશે.**

**વર્તમાને કરે જેવું ભવિષ્ય તેવું જન્મશે,**
**એ તો ઉઘાડી છે વાત ઊતરે સર્વને ગળે.**

**કરે છે ભોગવ્યા ભોગો જેવા જેવા જીવો જગે,**
**પરિણામ મળ્યા વિના તેઓને તેવું ના રહે.**

**ફાવી જતા જ દેખાય પ્રપંચી જગમાં ભલે,**
**ચિત્તની શાંતિ કૈં પૂરી ભોગવી શકશે ન તે.**

**તેઓ તો અટવાયેલા દેખશો ફરતા જગે,**
**પ્રસન્નચિત્ત કેવું હો કલ્પનાયે ન તેમને.**

**પ્રસન્નચિત્તનું સુખ એને જે ના ગણે સુખ,**
**સાધનામાં પ્રવેશાવું એવા માટે નિરર્થક.**

**હળવા ઉરની કેવી મઝા જેને મહાલવી,**
**એવાને કાજ તો માર્ગ સાધનાનો નથી વળી.**

**સ્થૂળ દૃષ્ટિ પડે જેમાં લેવાનું નહિ છે કશું,**
**ખોવાનું ઊલટું સૌ જ્યાં પોતાનું મન જે ગણ્યું.**

**તૈયારી એટલી ના હો લેશો ના નામ કોઈએ,**
**તૈયારી કરીને પૂરી પ્રવેશો સાધના પથે.**

'જીવન પગલે', ચોથી આ., પૃ. ૮૭-૮૮ ❑

## (૪) તલના કરોડમા ભાગ જેટલાં કલ્યાણકારી કામો આવા શરીરથી થાય છે

શ્રીમોટા

...શ્રીહરિની કૃપાના સ્પર્શમાત્રથી તરણાનો મેરુ અને બોથડ વિદ્વાન બને, એવું મારા જીવનમાં પ્રત્યક્ષ જીવતું જાગતું હું અનુભવું છું. શરીરના આવા તીવ્ર પીડાકારી રોગો હોવા છતાં દિલની પૂરી મસ્તીથી એનાં ભજનભાવમાં રહેવાય છે અને નિમિત્તે કરીને આવાં જોડકણાં લખાતાં જ જાય છે, એ તો મારા વહાલાની પ્રેમભરી પ્રસાદી છે. ઉપરાંત, સમાજમાં ગુણ અને ભાવના પ્રગટે તેમ જ એવા ગુણ અને ભાવનાના ઉદ્દીપન દ્વારા સમાજ બેઠો થાય એવા **તલના કરોડમા ભાગ જેટલાં પણ કલ્યાણકારી કામો આવા શરીરથી થાય છે,** એ તો મારા હજારો હાથવાળા ભગવાનના સ્વરૂપનું ચેતનવંતું ભાવવાહી પ્રત્યક્ષ દર્શન છે. નહિતર સમાજના છેક તળિયાના સ્તરનું (ભાવસાર-રંગરેજ જ્ઞાતિનું-સં) આ શરીર આવાં મોટાં કામો કેવી રીતે પાર પાડી શકે ?

મારા આ પુસ્તક- 'ભાવરેણુ'માં મેં અનુભવેલા પ્રભુના સ્વરૂપનું આછું વર્ણન કરેલ છે અને મારો વહાલો પ્રભુ સઘળે બિરાજેલો હોવા છતાં, સમર્થમાં સમર્થ હોવા છતાં સર્વથી ન્યારો છે. એ તો વળી વાણીથી વ્યક્ત થાય ? પ્રભુના એવા અવ્યક્ત સ્વરૂપના પરમ સામર્થ્યકારી ભાવને અનુભવવા એની જ કૃપાથી મેં મસ્તીથી એની ઉપાસના કરી છે. સાધનામય જીવનના પ્રત્યેક તબક્કે માથાં વધેર્યાં છે અને એ પણ દિલના પૂરા ઉમળકાથી...

સાધનામય જીવનમાં જીવનની પ્રાપ્ત પરિસ્થિતિમાંથી ભાગી છૂટવાની નથી, પરંતુ જીવનવિકાસ સાધતાં સાધતાં જે ભાવ આંતરિકપણે સિદ્ધ થતો જાય, તેને પ્રાપ્ત કર્મોમાં અવતારવાનો હોય છે અને એ કર્મને પ્રભુની ભક્તિનું એક નિર્મળ પુષ્પ બનાવવાનું હોય છે. નિર્મળ પુષ્પ એ અર્થમાં કે એવાં કર્મો પાછળ જીવદશાનાં દૃષ્ટિ, વૃત્તિ કે વલણ રહેવાં ન જ જોઈએ ! ઊર્ધ્વ જીવનનો ભાવ જો કર્મમાં પ્રતિષ્ઠા ન પામે તો એ ભાવનું અવતરણ નક્કર બનતું નથી. **કર્મો પણ જીવનવિકાસક છે.** માટે, જિજ્ઞાસુ શ્રેયાર્થીએ કર્મને સાધનાના ભાવથી જ આચરવાં ઘટે.

આમ થાય તો ભક્તિનો ભાવ ક્રમે ક્રમે અખંડિત બની જાય. માત્ર દેવદર્શન, સેવા-પૂજા, કથા-વાર્તા કે ભજન-કીર્તન કરવાથી ભક્તિપરાયણ જીવન જિવાય છે, એવી ભારે ભ્રમણામાં આપણો સમાજ જીવે છે. સમાજનું આ પ્રકારનું જીવન એ તો નર્યું અજ્ઞાનમય અને તમસયુક્ત છે. જો એ બધાં સાધનોનો ભાવ રોજિંદા વ્યવહાર કર્મમાં ઊતરે નહિ તો એ પ્રકારનું ઘરેડયુક્ત પરંપરા પ્રાપ્ત જીવન 'જીવન જ' ન ગણાય.

આથી, રાગદ્વેષાદિ મોળા પડે, અને પ્રાપ્ત કર્મો આચરતાં આચરતાં આપણી એવા પ્રકારની અવસ્થાની પરખ થયા કરે એવી પળે જાગૃતિપૂર્વક ખંતથી જીવદશાની વૃત્તિમાંથી દૂર થવા મથામણ અનુભવાય ત્યારે ભક્તિના ક્ષેત્રમાં આપણે પ્રવેશી શકવાની ભૂમિકા તૈયાર કરી રહ્યા છીએ એમ માનવું રહ્યું.

**(અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)**

## (૫) ભક્તકવિ ઈસરદાસજીની રચના : 'હરિરસ'

વી. એસ. ગઢવી

સંત સાહિત્યનો દબદબો મધ્યયુગથી શરૂ કરીને આજ સુધી અકબંધ રહેલો છે તેમ કહી શકાય. નરસિંહ કે મીરાં, કબીર કે તુલસીનાં નામો લોકજીભે તથા લોકહૈયે સ્થાન પામેલાં છે. અનેક પ્રકારનાં બાહ્ય કે આંતરિક સાંસ્કૃતિક આક્રમણો સામે સંત સાહિત્યના વાહકોએ સમાજનાં હીર તથા ખમીરને જીવંત તથા ધબકતાં રાખેલાં છે. સંત સાહિત્યની રચનાઓમાં કેટલાક ચારણ કવિઓની રચના સુવિખ્યાત થયેલી છે. ચારણી સાહિત્યની આ કાળની રચનાઓમાં ભક્તકવિ ઈસરદાસજી-રચિત **'હરિરસ'** ગ્રંથનો સમાવેશ થાય છે. ભક્તકવિ ઈસરદાસજીએ રાજસ્થાનના - ભાદરેસ ગામમાં જન્મ લઈને ગુજરાતમાં દ્વારકાધીશને રીઝવ્યા હતા.

સંત ઈસરદાસજીની અનેક રચનાઓ છે. પરમ તત્ત્વ સાથેના અનુસંધાન તથા અપાર શ્રદ્ધાના કારણે સંતકવિની વાણી બળકટ બનેલી છે. ભાવનગર રાજ્યના વિદ્વાન દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ ૧૯૨૮માં શંકરદાનજી દેથાએ સંપાદિત કરેલ 'હરિરસ' ગ્રંથની પ્રસ્તાવનામાં લખ્યું હતું કે ઈસરદાસજીનું મુખ્ય લક્ષણ તેમની શ્રદ્ધા છે. આવી શ્રદ્ધા જેનામાં હોય તેઓ ઈસરદાસજીને વધારે સારી રીતે સમજી શકશે. **ભક્તકવિ ઈસરદાસજીની અનેક ઉત્તમ રચનાઓમાં 'હરિરસ' તેમ જ 'દેવીયાણનો' સમાવેશ થાય છે.** જગતનિયંતાની મોટાઈને વંદન કરતાં કવિ લખે છે કે ઈશ્વરકૃપા હોય તો જ ખરા અર્થમાં માનવીને મોટાઈ પ્રાપ્ત થાય છે.

**સાંયા તુજ બડો ધણી, તુજસો બડો ન કોઈ**
**તું જેના શિર હથ્થ દે, સો જગ મેં બડ હોય.**

સંત સાહિત્યમાં નામસ્મરણનો મોટો મહિમા છે. તુલસીદાસજીએ પણ દરેક કાળમાં નામસ્મરણના સાધનને જ જીવનમાં પ્રાધાન્ય આપવા કહેલું છે. ઈસરદાસજીએ પણ નામ-સ્મરણના મહિમાનો બુલંદ પડઘો પોતાની વાણીમાં ઝીલ્યો છે.

**હરિ હરિ કર પરહર અવર, હરિ રૌ નામ રતન્ન !**
**પાંચો પાંડવ તારિયા, કર દાગિયો કરન્ન.**

નામસ્મરણમાં અતૂટ શ્રદ્ધાના બળે પાંડવપુત્રો અનેક વિપત્તિઓમાં પણ નખશિખ સલામત રહી શક્યા. શબરીએ સમગ્ર જીવન નામસ્મરણની અને દર્શનની અખૂટ શ્રદ્ધાના બળે પસાર કર્યું. ગઈ સદીના વિશ્વમાનવ ગાંધીએ જીવનની અંતિમ કસોટીની ક્ષણે પણ નામસ્મરણ કરીને પરલોકમાં પ્રયાણ કર્યું. આથી, ઈસરદાસજીએ પણ 'હરિરસ' ગ્રંથમાં લખ્યું :

**નામ સમોવડ કો નજિ જપ તપ તીરથ જોગ,**
**નામે પાતક છૂટશે, નામે નાસે રોગ.**
**જ્યાં જાગે ત્યાં રામ જપ સૂતા રામ સંભાર**
**ઉઠત બૈઠત આતમા ચાલંતા રામ ચિતાર.**

'હરિરસ'નો જ્ઞાનવૈભવ પરમ પવિત્ર ગ્રંથ શ્રીમદ્ ભાગવત જોડાજોડ મૂકી શકાય તેવો છે. ભક્તકવિ ઈસરદાસજીના અધ્યાત્મ-ઉન્નતિ અર્થે થયેલા જીવન-પ્રવાસમાંથી લોકહિતાર્થે 'હરિરસ'ની રચના થઈ છે. પરમ તત્ત્વની ઉપાસનાનું આવું સચોટ નિરૂપણ ભાગ્યે જ જોવા મળે તેવું છે. ઈસરદાસજીના સુપ્રસિદ્ધ

ગ્રંથો 'હરિરસ' તથા 'દેવીયાંણ'ની સરાહના રાજ્યકવિ શ્રી શંકરદાનજી દેથાએ સુંદર તથા અર્થસભર શબ્દોમાં કરી છે.

**વાંચો શ્રીમદ્ ભાગવત**
**મોટો ગ્રંથ મહાન**
**કે આ હરિરસ નીત પઢો**
**શુભ ફળદાયી સમાન**
**વાંચો દુર્ગા સપ્ત શતી,**
**યા વાંચો દેવીયાંણ**
**શ્રોતા-પાઠીકો પરમ**
**સુખપ્રદ ઉભય સમાન.**

ભક્તકવિએ વિચારયુક્ત સલાહ તથા ચેતવણી સૌને આપી છે. **જે ગતિથી જીવન વ્યતીત થતું રહે છે તેમાં હરિસ્મરણ થતું નથી** તેનું પુનઃ સ્મરણ ભક્તકવિ કરાવે છે. વીજળીના ચમકારે મોતી પરોવવાની પાનબાઈની લાગણીનું પણ અહીં દર્શન થાય છે. ઈસરદાસજીએ લખ્યું છે :

**અવધ નિર તન અંજળી, ટપકત શ્વાસ ઉશ્વાસ**
**હરિ ભજ્યા વિણ જાત હૈ, અવસર ઈસરદાસ.**

મહાત્મા ઈસરદાસજીએ હરિરસ ઉપરાંત વિપુલ સાહિત્યનું સર્જન તેમના જીવનકાળ દરમિયાન કર્યું. તેમનું સાહિત્ય ગુજરાત તથા રાજસ્થાનની સહિયારી સંપત્તિ છે. મધ્યકાલીન યુગમાં જ્ઞાન, વૈરાગ્ય અને સંસ્કારના ફેલાવા માટે વિવિધ પ્રદેશોમાં થયેલા ઈસરદાસજી જેવા સંત-ભક્તોએ ખૂબ જ મહત્ત્વનો ફાળો આપ્યો છે. લોકો સમજી શકે તેવી સરળ ભાષા અને શૈલીમાં તેમણે સચોટ ઉદાહરણો સાથે વેદો અને ઉપનિષદોમાં પ્રબોધેલું જ્ઞાન લોકો સુધી પહોંચતું કર્યું. મેઘાણીભાઈના મત મુજબ આપણા આ સંતકવિઓ, ભક્તકવિઓએ શ્લોક તથા લોક વચ્ચેનું અસરકારક અનુસંધાન કરેલું છે. રામાયણ કે મહાભારત જેવા આપણા મૂલ્યવાન ગ્રંથોમાં ગ્રંથસ્થ થયેલી વાતો તેમ જ તેનું વિચારતત્ત્વ આપણા સંતકવિઓના માધ્યમને કારણે જ મુખ્યત્વે લોક સુધી પહોંચ્યું. આ બધા ભક્તકવિઓએ સંસારમાં રહીને તથા લોકો વચ્ચે ઊજળું જીવન જીવીને સહજ રીતે તથા સરળ ભાષામાં જ્ઞાનનો પ્રવાહ લોક સુધી પહોંચાડ્યો. સંતકવિઓનું સમાજને આ સૌથી મોટું તથા મહત્ત્વનું પ્રદાન છે. 'હરિરસ'ના પાઠ આજે પણ ઘણાં ઘરોમાં નિયમિત રીતે થાય છે. 'હરિરસ'ની ગ્રંથયાત્રામાં પણ એક પ્રયાસ થોડાં વર્ષો પહેલાં થયો હતો જેને વ્યાપક લોકપ્રતિસાદ મળ્યો હતો. 'હરિરસ'એ સંત ઈસરદાસજીનું અમર સર્જન છે.

'વિશ્વવિહાર', ઑગસ્ટ, ૨૦૧૮માંથી સાભાર ❏

**(અનુસંધાન પેજ નં. ૧૧ નું ચાલુ)**

જીવનવિકાસ કાજે મથનારો સાધક કે ભગવાનનો ભક્ત ખંત, ધીરજ, હિંમત, પરાક્રમ, ખમીર, શહૂર તેમ જ શાંતિ અને પ્રસન્નતા ધારણ કરતો વીર યોદ્ધો છે. એ કશા પ્રકારની પરિસ્થિતિ કે સંજોગોથી લેવાઈ જતો નથી. સાંસારિક ક્લેશ કે દુઃખો, ગેરસમજ કે અણસમજ એને ચિંતિત કરતાં નથી. એ તો પોતાના ધ્યેયની પ્રાપ્તિ કાજે નિરંતર મથતો મથતો સતત વિકસતો જ જાય છે. એણે અનંતને પામવા કાજે જે પગલાં માંડ્યા છે, એ માર્ગ પર અખૂટ ધીરજ અને અવિરત ખંતથી એ આગળ ધપ્યે જ જાય છે.

'ભાવરેણુ', પ્ર.આ. લેખકના બે બોલમાંથી ❏

## (૬) પૂજ્ય શ્રીમોટા દ્વારા સુવર્ણ ચંદ્રકથી સંમાનિત : ડૉ. નવનીત ફોજદાર વિક્રમ-ભદ્રા સવાઈ

ગુજરાત-મહારાષ્ટ્રની સીમા પર ધરમપુર વિસ્તારમાં ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝર જેવું માનનીય સ્થાન પ્રાપ્ત કરનાર નવનીતભાઈનો જન્મ તા. ૧૭-૧૧-૧૯૩૩ના રોજ સૌરાષ્ટ્રના વાંકાનેર મુકામે માતામહીને ઘેર થયેલો. શાળાના અભ્યાસ બાદ કાલબાદેવી જેવા મુંબઈના ગીચ વિસ્તારમાં સ્વાતંત્ર્ય જંગના સમયને આનુષંગિક સ્વપ્નાં તેમણે સેવ્યાં હતાં. ગોકુળદાસ તેજપાલ હાઈસ્કૂલમાં શ્રી અંબુભાઈ દેસાઈ જેવાએ ગુજરાતી સાહિત્ય પ્રત્યે સારી એવી અભિરુચિ જગાડી હતી. પણ કિશોર નવનીતભાઈના મન ઉપર ભૂરકી નાખનાર વ્યક્તિ હતી. ડૉ. દ્વારકાદાસ જોષી.

તે વખતે કાલબાદેવીની ચાલમાં પોતાની રૂમથી બીજીત્રીજી રૂમમાં ડૉ. દ્વારકાદાસ જોષીનું નિવાસસ્થાન હતું. કિશોર નવનીતભાઈ રાતે સૂતા હોય ત્યારે ડૉ. જોષીનું ઘર પૂછતા અનેક દુખિયાં દર્દી આવે. એ ઘર શોધતા દર્દીઓને માર્ગ બતાવતા નવનીતભાઈને પણ જીવનનો માર્ગ અને મંજિલ બન્ને મળી ગયાં. તેમણે ત્યારે જ મનોમન નક્કી કર્યું કે મોટા થઈને ડૉક્ટર જ બનવું અને દીનદુઃખિયાંના જીવનની ટેકણલાકડી થવું.

શાળાજીવન દરમ્યાન એમણે ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચેલી. પછી તો 'હરિજન' સાપ્તાહિકમાં ગાંધીજીના લેખો પણ વાંચતા. એ વખતથી જ ગાંધીજીના આદર્શો જીવનમાં ઉતારવાની આકાંક્ષા જાગેલી. ત્યાર બાદ સને ૧૯૫૨-૫૩માં પૂજ્ય વિનોબાજીની પદયાત્રા અનેક આદર્શઘેલા યુવાનોને માટે આહ્વાનરૂપ બની રહી. શ્રી નવનીતભાઈ પણ એ રંગે રંગાયા. સર્વોદયના સઘળા સાહિત્યનો તેમણે અભ્યાસ આરંભ્યો. વાચનભૂખ તો નાનપણથી જ હતી. વિચારવિનિમય મિત્રો સાથે સતત ચાલુ હોય. આ મિત્રોમાં 'ભૂમિપુત્ર'ના સંપાદક શ્રી કાંતિભાઈ શાહ અને ડૉ. કે. જે. ગાંધી ખાસ અસર કરનાર હતા. શ્રી નારાયણ દેસાઈ વગેરેના સીધા સંપર્કમાં તેઓ આવ્યા. રોજ નિયમિત કાંતવું અને ખાદી જ પહેરવાનો તેમ જ સાદું જીવન જીવવાનો સંકલ્પ પણ થયો.

નવનીતભાઈનો મનગમતો વિષય તો ગણિતશાસ્ત્ર પણ જીવનના આદર્શને આકાર આપવા 'બી' ગ્રુપ પસંદ કર્યું. સને ૧૯૫૪માં ઈન્ટર સાયન્સમાં પ્રથમ વર્ગમાં ઉત્તિર્ણ થયા અને કે. ઈ. એમ. હૉસ્પિટલની તબીબી કૉલેજમાં પ્રવેશ મેળવી લીધો અને સને ૧૯૬૦માં એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં પાસ થયા. આંખના નિષ્ણાત થવાનો વિચાર હતો પણ એમ.ડી. થવા તરફ ગતિ થઈ. એ અભ્યાસ પૂરો થાય તે પહેલાં લોકસેવાનાં કાર્યમાં જ ખૂંપી જવાનો નિર્ધાર કર્યો.

વર્ષો જૂના પાડોશી ડૉ. દ્વારકાદાસ જોષી મુંબઈ છોડી, મહેસાણા જિલ્લાના વતન વડનગરમાં સ્થાયી થયા હતા. તેમનો પત્ર આવતાં સને ૧૯૬૩માં વડનગર નાગરિક મંડળની ચેરિટેબલ હૉસ્પિટલમાં જોડાઈ ગયા. શ્રી કાંતિભાઈ શાહની સલાહથી સને

૧૯૬૪માં વડોદરા સર્વોદય કેંદ્રમાં જોડાયા. આ કેંદ્રની પ્રવૃત્તિના એક ભાગરૂપે ગ્રામદાનની પ્રવૃત્તિ નિમિત્તે પદયાત્રા કરતાં કરતાં પહેલી જ વાર ધરમપુર તાલુકાના પિંડવળ ગામમાં જવાનું થયું. ત્યાંના દરિદ્રનારાયણની મૂર્તિ સમા-આદિવાસીઓએ આ યુવાન ડૉક્ટરનાં હૃદય અને મનને જીતી લીધાં. ત્યાં આદરણીય કાંતાબહેને આ વિસ્તારને કાર્યક્ષેત્ર બનાવવા સૂચવ્યું અને પૂરતી પ્રેરણા અને પ્રોત્સાહન અને આર્થિક સહયોગ પણ પૂરો પાડ્યો.

વર્ષોથી ગરીબી અને અજ્ઞાનતામાં જીવન જીવતી, ભૂવા ભગતમાં શ્રદ્ધા રાખતી એ પ્રજા દવા કે ઈંજેક્ષન તો કદી લે જ નહિ. દારૂ તો જાણે એમનો આરાધ્ય દેવ. આર્થિક પરિસ્થિતિ પણ એટલી જ વિકટ પણ ડૉ. નવનીતભાઈ શ્રદ્ધાભક્તિથી એ પ્રજાની સેવામાં મંડી રહ્યા. મલેરિયા વગરનું તો એક પણ કુટુંબ ન મળે. ક્ષેત્રફળની દૃષ્ટિએ ૫૦૦ ચો. માઈલના વિસ્તારવાળો આ ધરમપુર તાલુકો દેશનો સૌથી મોટો તાલુકો છે, પણ આર્થિક અને સામાજિક દૃષ્ટિએ છત્તીસગઢના બસ્તર પ્રદેશ કરતાં પણ બદતર છે. દવા કે સારવાર માટે દૂર દૂરથી આવવા જવાના એસ. ટી. ભાડાની રકમ પણ ન હોય. વળી, શાહુકારો પણ આ પ્રજાને ચૂસે. મહર્ષિ ટૉલ્સ્ટોયનું પુસ્તક ‘ત્યારે કરીશું શું ?’ ડૉક્ટરની નજર સામે ફરતું હતું. ડૉક્ટરને લાગ્યું કે તબીબી વિદ્યાની જરૂરિયાત આ વિસ્તારમાં જ સવિશેષપણે છે.

ગુજરાત સર્વોદય મંડળ તરફથી પિંડવળ અને કપરાડાની આશ્રમશાળામાં બે મફત મેડિકલ કેંદ્રો શરૂ કરાયાં. ઈ.સ. ૧૯૬૮થી દર મહિને એકએક અઠવાડિયું ગાળતા સેવાભાવી આ ડૉક્ટરની સ્નેહની હૂંફ અને સારવાર મળતાં થયાં.

ડૉ. નવનીતભાઈની નમ્રતા અને નિરભિમાનપણું પણ અજબનાં હતાં. ‘કુમાર’ સામયિકમાં પોતાના જીવન અને કાર્ય વિશે શ્રી મેઘનાર ભટ્ટ લખવાના છે એની જાણ થતાં એમણે ખાસ કહેવડાવ્યું કે ‘જો જો મને ગ્લોરીફાય નહિ કરતાં.’

‘કલ્યાણ માર્ગે કોઈ દુર્ગતિ પામતો નથી’ એવી પંક્તિથી ગળાબૂડ પ્રભાવિત થઈ, સમાજસેવાનો ભેખ લઈ ઘરે ધોયેલું અરધી બાંયનું ખમીસ અને ખાદીનો લેંઘો પહેરી જરાયે ક્ષોભ યા લઘુતાગ્રંથિ વિના આદિવાસી વિસ્તારોમાં ડૉ. નવનીતભાઈએ માનવસેવાનો યજ્ઞ પ્રજ્વલિત કર્યો. નાજુક બાંધો ને નરમ સ્વભાવ તેમની નમ્રતાની વણબોલી જાહેરાત કરતું હતું.

ધરમપુર તાલુકાની એ વખતની પરિસ્થિતિમાં રહેવું અને સેવાકાર્ય કરવું ઘણું કઠિન હતું. વરસતા વરસાદમાં પલળવું પડે, ખટારા-ટ્રકમાં કે બસમાં પણ ઊભાંઊભાં જવું પડે, પાણી શુદ્ધિ માટે ફટકડી ફેરવવાનું, ગાળવાનું વગેરેમાં ઘણો સમય જતો. જમવામાં માત્ર અડદની દાળ અને ચોખાના રોટલા. દૂધ તો મળે જ શાનું ? કાળી ચામાં લીંબુ નિચોવી લેમન ટી માણતા. નાગલીના રોટલા ને કાંદા-બટાકાનું શાકનું સેવન કરીને ડૉક્ટરે જાણે કે પોતાની જાતને નિચોવી નાખી હતી.

મચ્છરોનો ત્રાસ પણ અસહ્ય. પરિણામે તેઓ ક્રોનિક મલેરિયાના ભોગ પણ બન્યા. સંગીત અને સાહિત્યમાં પણ એમને રસ અને સૂઝ હતાં. પ્રકૃતિપ્રેમમાં પાગલ હતા. એમના માટે એ જીવનબળ જેવાં હતાં.

ગોંડલ નિવાસી શ્રી નાથાભાઈ જોશીના સંપર્કમાં આવવાનું બન્યું. સાધક તો હતા જ એમાં ભક્તિભાવ ભળતાં ગોંડલમાં આગલી હરોળના ભક્ત બની રહ્યા. પ્રાર્થનાભાવમાં ભાવુક થઈ જતાં આંખમાંથી અશ્રુ વહેતાં હતાં.

આવા નવનીતભાઈની સમાજે કદર પણ કરી છે. શ્રી રતિભાઈ ગોંધિયા દ્વારા સ્થાપિત યંગમેન્સ ગાંધીયન એસોસિયેશન દ્વારા રાજકોટ મુકામે સને ૧૯૮૯માં મોરારજી દેસાઈના હસ્તે તબીબીક્ષેત્ર માટે ઍવોર્ડ અર્પણ કરાયેલો. 'ધરમપુર રત્ન'નો ઍવોર્ડ પણ મળ્યો હતો.

ક્રોનિક મલેરિયા-પાર્કિન્સનની શરૂઆત થતાં શરીર કામ કરતું ઓછું થયું. ઊઠવા-બેસવાની તકલીફો વધી. આવી સ્થિતિમાં પિંડવળ રહેવાનું અશક્ય બનતાં ગોરા મુકામે આશ્રયસ્થાન બન્યું. સૌ મિત્રો એમને પ્રેમથી રાખતા. એમનો પડ્યો બોલ ઝીલતાં. એક વખત વધારે પડતા ગરમ પાણીથી ખૂબ દાઝ્યા. ઝઘડિયા મુકામે સેવારૂરલમાં દાખલ થયા. ઠીક થતાં પાછા ગોરા આવી ગયા અને એવી જ અવસ્થામાં તા. ૨-૫-૨૦૦૯ના રોજ ૭૨ વર્ષની ઉંમરે તેમણે દેહ છોડ્યો. એમની ઇચ્છા મુજબ નર્મદાતીરે એમનો અગ્નિસંસ્કાર કરેલો. પિંડવળમાં કાંતાબહેનના સ્મૃતિવડના ખોળામાં એમનાં અસ્થિ વિસર્જિત કરવામાં આવ્યાં. એ પ્રસંગે યોજાયેલ પ્રાર્થનાસભામાં ધરમપુર વિસ્તારના આદિવાસીઓએ તેમને ખૂબ આદરપૂર્વક અને ભાવપૂર્વક યાદ કરેલા. નવનીતભાઈનું જીવન સેવા, ભક્તિ અને કરુણાની ત્રિવેણીથી તપમય બનેલું સાધકનું જીવન હતું.

ઉલ્લેખનીય છે કે ડૉ. નવનીતભાઈ ફોજદારની નિષ્કામ સેવા બદલ હરિઃૐ આશ્રમના પૂજ્ય શ્રીમોટા દ્વારા તા. ૩૧-૧-૭૧ના રોજ વલ્લભવિદ્યાનગર મુકામે સમાજસેવા સુવર્ણચંદ્રક અર્પણ કરાયો હતો. નવનીતભાઈને તો એમ જ હતું કે સેવાનો ભેખ લઈ બેઠેલ અનેક વ્યક્તિઓના સામૂહિક સેવાયજ્ઞની જ એ કદર હતી. યુવાન પેઢીને પ્રેરણા અને એ દષ્ટિએ પૂજ્ય શ્રીમોટાનો સુવર્ણચંદ્રક તેઓએ સ્વીકારેલો.

(નોંધ : આ પ્રસંગનો ફોટો હરિભાવના આ અંકના ટાઇટલ પેજ ત્રણ ઉપર પ્રકાશિત કરાયો છે.)

'ડૉ. નવનીત ફોજદાર', વિચાર વલોણું પ્રકાશન ૨૦૧૮માંથી સાભાર સંકલન ❑

હરિઃૐ

**સૂક્ષ્મ અપરિગ્રહ**

**આપણે તો મનમાં પાછલું, આગલું કે ચાલતું કશુંયે સંઘરવાનું નથી. કર્મના સંસ્કારોને કારણે જે જે કંઈ વિચાર ઊઠે તે તે વિચારોના અંકોડા આપણે જોડવાનાં નથી, ને એમ કરીને એની અસર ઘટાડી દેવાની છે.**

**યોગની આ એક મોટામાં મોટી ક્રિયા છે.**

**'જીવન પગથી', બી.આ., પૃ. ૧૧૧ -શ્રીમોટા**

## (૭) પૂજ્ય શ્રીમોટા સાથે વાર્તાલાપ

સં. રતિલાલ મહેતા

**પ્રશ્ન :** પાણી ઉપર ચાલવાનો કેટલાક દાવો કરતા હોય છે, તે શું શક્ય છે ?

**શ્રીમોટા :** હા, શક્ય છે. જોકે મને એવું બધું આવડતું નથી. આપણા શરીરનાં છિદ્રે છિદ્રે વાયુ રહેલો છે. એ વાયુ કુંભકની ક્રિયાથી કાઢી નાખવામાં આવે એટલે શરીર હલકું ફૂલ જેવું થઈ જાય છે. એમાં જરાય નવાઈ જેવું નથી. હઠયોગની એ વિદ્યા છે. હઠયોગ પણ ઈશ્વરપ્રાપ્તિ માટેનો એક માર્ગ છે, પણ યોગશક્તિનું આવું પ્રદર્શન સારું નહિ. ચેતન બધે વિલસે છે. શરીરધારી હોવાથી માણસમાં ચેતન મર્યાદિત હોય છે. છતાં નિમિત્ત મળતાં તે ચેતનની હાજરીનો પુરાવો, તેનું અમર્યાદિતપણું બતાવી આપે છે, એ પણ સાચી વાત.

**પ્રશ્ન :** મુક્તાત્મા ભગવાન કહેવાય ?

**શ્રીમોટા :** એવો માનવી વ્યક્તિ હોવા છતાં વ્યક્તિ નથી, પરંતુ જે વિરોધાભાસી ગુણોનું વર્ણન આપણે ભગવાન વિશે કરીએ છીએ તે પરમ તત્ત્વનો શરીરધારી આવિર્ભાવ છે, છતાં **સાગરનો તરંગ કહેવાય, તરંગનો સાગર ના કહેવાય, પણ સાધકને માટે એનો ગુરુ ભગવાન તુલ્ય છે.**

**પ્રશ્ન :** ભક્તિ કે જ્ઞાન બેમાંથી શું કરીએ એવું ઘણીવાર થઈ જાય છે, તો શું કરવું ?

**શ્રીમોટા :** માર્ગ તો બન્ને બરાબર છે, પણ વેદાંતના ધુરંધર ગણાય તેવા શ્રીશંકરાચાર્યે પણ ભક્તિ અને પ્રાર્થનાનાં સ્તોત્રો લખ્યાં, પણ એવું ક્યારે બને ? જ્યારે મન પ્રભુમય થઈ જાય ત્યારે. મદ, મત્સર, અહંકાર વગેરેમાંથી હઠવાનું કોઈને સૂઝતું નથી ને વેદાંતની મોટી મોટી વાતો કરીએ એ તો દંભ છે. **તમે પડેલા છો ભ્રમમાં ને વાત કરો છો બ્રહ્મની ! જ્યાં છો ત્યાંથી ચસો. એક ડગલું પણ આગળ વધો.**

**પ્રશ્ન :** ઈશ્વર અંતર્યામી છે. આપણને શેની જરૂર છે એની ખબર એને ન હોય. ભગવાન પાસે ગમે તે માગી શકીએ ?

**શ્રીમોટા :** તમે ઈશ્વર તરફ વળેલા ના હો તો તમે એની પાસેથી કેવી રીતે આશા રાખી શકો, છોકરાં માબાપ કને નથી માગતાં ? તો ભગવાન કને માગવામાં શો વાંધો ?

**પ્રશ્ન :** ઈશ્વર નિરાકાર છે, એ દેખાતો નથી. એટલે એના વિશે પ્રેમ, ભક્તિ જોઈએ તેવાં જાગતાં નથી. વળી, પ્રકૃતિ પણ વચ્ચે નડે ત્યારે શું કરવું ?

**શ્રીમોટા :** અર્જુનની જેમ ઈશ્વરના પ્રતિનિધિરૂપ સંતોની દોસ્તી કરો. હરિ મળવો દુર્લભ છે પણ હરિજન દુર્લભ નથી. આપણી પ્રકૃતિ ભલે એવી હોય તોયે દોસ્તી બાંધતાં ઈશ્વર આપણને મદદ કરશે. જેમ જેમ સત્સંગ, સત્કર્મ, પરમાર્થ વધતાં જશે, તેમ તેમ ઈશ્વર વિશે ભાવ જાગશે અને કૃપા કરી એ આપણા મનમાં સ્થાન જમાવવા માંડશે. માટે, બેસી ના રહો, ચાલવા માંડો.

મને એક જ વાતનું દુઃખ છે કે મારી પાસે

**(અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)**

## (૮) મહાસતી શ્રીગોદાવરી માતાજી : (૧)

**અનુવાદક : જ્યોત્સ્નાબહેન પટેલ**

*(કુમારી વિજ્યા દીક્ષિતે પૂજ્ય શ્રીઉપાસની બાબાના સાકુરીના આશ્રમમાં જીવન સમર્પિત કરી દીધું હતું. તેઓએ સંસ્કૃત અને મરાઠી ભાષામાં ઘણાં પુસ્તકો લખ્યાં છે. મહાસતી શ્રીગોદાવરી માતાજી અંગે મરાઠી ભાષામાં લખેલ પુસ્તકનું ગુજરાતીમાં જ્યોત્સ્નાબહેન પટેલે 'અદ્વય' નામથી ભાવપૂર્વક રૂપાંતર કરેલ છે. તેના આધારે એક સંક્ષિપ્ત સંકલન સને ૨૦૦૧માં કરાયું હતું. તે સમયે '**હરિભાવ**'ના જે ગ્રાહકો-સભ્યો હતા તેમને તે ભેટ અપાયેલ. તેના આધારે સંકલિત અંશોનો આ લેખ છે - સંપાદક)*

મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં મહાન સંત શ્રીગજાનનું પવિત્ર તીર્થસમ ગામ શેગાંવ છે. આ ગામમાં ભક્તહૃદયી શ્રી ભોળાનાથ રહેતા હતા. તેમનાં સંતાનો એક પછી એક ગુજરી જતાં હતાં. તેથી, તેમણે આ સંતને પોતાની વિતક કથા કહી. મહારાજશ્રીએ આશ્વાસન અને આશીર્વાદ આપતાં કહ્યું, 'બેટા ! ધીરજ ધર. હું તારા કુળમાં જન્મ લેવાનો છું.' આ પછી તેમને ત્યાં થયેલાં પુત્ર અને પુત્રી જીવી ગયાં. શ્રીગજાનન મહારાજ તે પછી સમાધિસ્થ થયા.

શ્રી ભોળાનાથના પુત્રનું નામ વાસુદેવ હતું. પિતાની માફક તેઓ રેલવેમાં નોકરી કરતા હતા. **હાથમાં કામ અને મુખમાં રામ** એ પ્રકારનું તેમનું પવિત્ર જીવન હતું. તેમના શ્વાસમાંથી એક પ્રકારની સુગંધ નીકળતી હતી. તેમનાં લગ્ન ઈ.સ. ૧૯૧૨માં નાસિકના ધર્મનિષ્ઠ શ્રી ખાંડેકરની દીકરી શાંતાબાઈ સાથે થયાં. લગ્ન પછી તેમનું નામ રમાબાઈ રાખ્યું હતું.

સને ૧૯૧૪ના ડિસેમ્બરની ચોવીસ તારીખે લગભગ સૂર્યોદય સમયે શ્રી રમાબાઈએ એક બાળકીને જન્મ આપ્યો. બાળકના જન્મની વધાઈ આપતાં ભાઈ વાસુદેવને તેમની બહેને કહ્યું, **'પહેલી બેટી ધનની પેટી'** શ્રીગજાનન મહારાજની યાદમાં દીકરીનું નામ 'ગ' થી શરૂ થતું ગોદાવરી રખાયું. **શ્રીગજાનન મહારાજનું પુરુષ શરીર હતું પણ જગતના મહાનાટકમાં એ યોગીપુરુષને સ્ત્રી સ્વરૂપ લેવાનું યોગ્ય લાગ્યું હશે.**

૧૯૨૩ની સાલમાં વાસુદેવની બદલી મૂર્તિજાપુરમાં થઈ હતી. ગોદાવરીને હવે કમળા નામે એક નાની બહેન હતી. ભગવાનનાં પૂજાનાં વાસણો ઘસવાનું કામ ગોદાવરી નાની બહેન પાસે જ કરાવતી. પોતાના હાથને રાખ-માટી લાગે એ ગોદાવરીને ગમતું નહિ. પિતાજીએ વારાફરતી એ કામ બન્ને બહેનોએ કરવું એમ જણાવી સમજણ પણ આપી કે હાથને રાખ-માટી લાગે તો ધોઈ શકાય પણ મનને મેલ ન લાગે એમ સ્વચ્છ રાખવું.

ગોદાવરીને ભણવાનું ગમતું જ નહિ. વળી, માતા રમાબાઈ આખો સમય નિશાળમાં રોકાય તો જ એ નિશાળમાં બેસશે. એ શક્ય ન હોઈ ગોદાવરીનું નિશાળ જવાનું બંધ થયું. એને રમકડાંની રમતમાં જ રસ હતો. એક વખત એક ઑલિયા આવતાં ગોદાવરી એમને પગે લાગી ત્યારે ઑલિયાએ કહ્યું કે 'આનાં લગ્ન

દસમા વર્ષ થશે, પણ એ સંસાર કરશે નહિ. આનો યોગ એક મહાપુરુષ સાથે છે.'

ગોદાવરીને નવ વર્ષ પૂરાં થઈ દસમું વર્ષ બેઠું. તે દિવસે સહજભાવે ટેબલ ઉપર પડેલાં પુસ્તક ઉપર નજર પડી. એ પુસ્તક હતું 'શ્રીસદ્‌ગુરુ ઉપાસની મહારાજનું ચરિત્ર' રમાબાઈ એ પુસ્તક વાંચવામાં તલ્લીન થઈ ગયાં. એટલામાં ગોદાવરી આવી અને પુસ્તકમાં શ્રીઉપાસની મહારાજનો ફોટો જોઈને ખડખડાટ હસતાં હસતાં કહેવા લાગી કે આમણે તો ધોતિયાને બદલે કંતાન પહેર્યું છે. ગોદાવરીનું આજનું હસવાનું કંઈક જુદું જ હતું. એ પુસ્તક લઈને હસતી હસતી દૂર દોડી ગઈ. રમાબાઈએ આ વાત સાંજે પતિને કહી પણ એમણે એ વાતને કંઈ મહત્ત્વ ન આપ્યું.

વાસુદેવની સાથે કામ કરતા શ્રી શંકરરાવ કુલકર્ણી નજીક આવતી મહાસુદ પૂર્ણિમાએ શ્રીઉપાસની મહારાજના સ્થાન સાકુરી જવાના હતા. રમાબાઈને મન થયું કે ગોદાવરીને હવે દસમું વર્ષ ચાલતું હોઈ મહારાજશ્રીને એના ભવિષ્ય વિશે પૂછવું. વાસુદેવને રજા મળે તેમ ન હોઈ રમાબાઈને સાકુરી જવાની અનુમતિ આપી અને ચેતવણી આપી કે શ્રીઉપાસની મહારાજ કોઈ કોઈ વખત દુર્વાસા મુનિના આવેશમાં હોવાનું સાંભળ્યું છે. એટલે પૂછવું હોય તો જરા સાચવીને પૂછી લેજે. બન્ને દીકરીઓ સાથે રમાબાઈ સાકુરી પહોંચી ગયાં. પાછળથી રજાઓ મળતાં વાસુદેવ પણ ત્યાં ગયા.

નાનકડી ગોદાવરીને કોઈકે કહ્યું કે 'બાબાનાં દર્શને ખાલી હાથે ન જવાય. દુર્વાની નાની નાની ઝૂડીને લઈને જવું' આ પ્રમાણે બાબાનાં દર્શન કરતી વખતે નાજુક હાથો લંબાવી ગોદાવરીએ બાબાને દૂર્વા ધરી. મહાયોગી શ્રીઉપાસની મહારાજે ક્ષણમાં જોઈ-જાણી લીધું અને જમણા હાથેથી ગોદાવરીને ખેંચીને પોતાના ખોળામાં બેસાડી દીધી. એક ફળ તેના હાથમાં આપ્યું. તે પછી ગોદાવરીની પીઠ ઉપર હાથ ફેરવતાં શ્રીબાબા બોલ્યા, 'દીકરી તું તારે ઘેર આવી છું, અહીં છે એ બધું એટલે આ ઘર, ઝાડ, લોકો, બધું તારું જ છે. હવેથી તું અહીંની બધી વ્યવસ્થા જોજે !' કોણ જાણે પણ ગોદાવરીએ મોટેથી હોંકાર દીધો અને બોલી, 'સારું બાબા ! જોઈ જઈશ.'

ગોદાવરીનાં લગ્ન વિશે પૂછવાની તક હજી રમાબાઈને મળી ન હતી. પંદર દિવસ જેવો સમય પસાર થઈ ગયો, પણ રમાબાઈનો સંકોચ ગયો ન હતો. હવે તો વાસુદેવ પણ આવી ગયા હતા. એક વખત શ્રીબાબા ભક્તોસાથે સત્સંગ કરતા હતા ત્યારે વચ્ચેથી જ વાસુદેવ તરફ ફરીને બોલ્યા, 'હાતવલેકર, હવે છોકરીનું લગ્ન કરી નાંખો, તમારી છોકરી લગ્ન કરવાં લાયક થઈ ગઈ છે' જાણે શ્રીબાબાએ બધું નક્કી જ કરી રાખ્યું હોય તેમ સાકુરીમાં આવતાં જતાં યાત્રીઓને જમાડવાની વીશી જેવું ઘરમેળે ચલાવનાર શારદાબાઈ ચાંદોરકરના દીકરા વિષ્ણુપંતને મુંબઈથી તાર કરીને શ્રીબાબાએ બોલાવી લીધો. આ છોકરો ગોરો, ઊંચો અને સારા સ્વભાવનો, મૅટ્રિક પાસ થયેલો અને ઉજ્જવળ ભવિષ્ય ધરાવનાર હતો, ખુદ

વરવધૂને એકમેકની કંઈ જ ખબર ન હતી. વિવાહવિધિ બાદ તુરત જ તા.૨૫ માર્ચ, ૧૯૨૫ના રોજ લગ્ન પણ થઈ ગયાં. ગોદાવરીના પિતા આ લગ્ન સમયે મનોમન અસ્વસ્થ હતા. તેમને થયું કે પિતા સ્વર્ગવાસી છે, માતા કષ્ટ કરીને સંસાર ચલાવે છે. નોકરીનું ઠેકાણું નથી અને હવે આ લગ્નની જવાબદારી વધી છે.

લગ્નના બીજા દિવસે શ્રીબાબા વરવધૂને પોતાની મોટરમાં શિરડી લઈ ગયા અને શ્રીસાંઈબાબાનાં ચરણોમાં વરવધૂને મૂકી દઈ પોતે પ્રાર્થના કરવા લાગ્યા કે, **'આપની આજ્ઞાથી કાર્ય પૂરું કર્યું છે. આગળનું તમે સંભાળજો.'**

લગ્ન પછી વિષ્ણુપંત તુરત જ નોકરીની શોધમાં મુંબઈ ગયા. વાસુદેવ-રમાબાઈ મૂર્તિજાપુર ગયાં. ગોદાવરીની શ્રીબાબાની સેવામાં રહેવાની ઇચ્છા હતી. તેથી, તે સાકુરી સ્થાનમાં રોકાયાં.

ગોદાવરીની સાથે અન્ય કેટલીક દીકરીઓ પણ સ્થાનમાં હતી. તેઓ સૌ રસોડાકામ, સફાઈકામ, બાગકામ વગેરે કરતાં હતાં. એક દિવસ શ્રીબાબાએ તેઓને કહ્યું કે, 'તમારે સંસ્કૃત શીખવું જોઈએ. ભગવાનની પૂજા કરવાની રીત શીખવી જોઈએ. સ્તોત્રો સારી રીતે બોલતાં આવડવા જોઈએ. આ વાત કરીને શ્રીબાબા પોતે દીકરીઓના શિક્ષક બની ગયા.

**શ્રીબાબાએ એવું પણ શીખવ્યું કે શરીરનું અને મનનું જે દુઃખ આવે તે દેવના દૂત જેવું ગણાય.** આપણી પાસે દુઃખ મોકલીને ભગવાન આપણને દેવની યાદ અપાવે છે. શ્રીબાબાની સેવામાં વર્ષોથી દુર્ગાબાઈ નામે એક બાઈ રહેતી હતી. તેઓ આ છોકરીઓને ઘણું દુઃખ આપતાં હતાં. તેમાંય ગોદાવરી પ્રત્યે તેઓ વધારે કડક બનતાં. તેને માર મારતાં, ભૂખી રાખીને વધારે મજૂરી કરાવતાં. શ્રીબાબા સમક્ષ ગોદાવરી વિરુદ્ધ ખોટી રજૂઆતો કરીને શ્રીબાબાના હાથે ખૂબ માર પણ મરાવતાં. આ બધો ત્રાસ અને માર ગોદાવરી મૂંગા મોઢે ભોગવી લેતાં કારણ કે 'દુઃખ દેવદૂત છે,' એ શ્રીબાબાનો ઉપદેશ તેમના હૈયામાં બરાબર બેસી ગયો હતો. વળી, ગોદાવરીની પાકી સમજણ હતી કે શ્રીબાબા બધું જ જાણતા હોય છે. ગોદાવરીને દુર્ગાબાઈએ ભૂખી રાખી હોય ત્યારે શ્રીબાબા પોતાના પ્રસાદમાંથી 'આ પ્રસાદ છે' એમ કહીને ગોદાવરીને ખવડાવતા હતા.

એક વખત દુર્ગાબાઈ ખૂબ જ ક્રોધના આવેશમાં હતાં. એક હાથે ગોદાવરીનો એક હાથ આમળીને પકડી રાખ્યો હતો અને બીજા હાથમાં સળગતું લાકડું રાખ્યું હતું તેના વડે ગોદાવરીને ડામ દેવાની તૈયારીમાં હતાં. બરોબર તેવે સમયે એક ભક્ત ત્યાં આવી પહોંચ્યો અને ગોદાવરીને છોડાવી શ્રીબાબા પાસે લઈ જઈ બધી વિગત કહી દીધી. શ્રીબાબાએ દુર્ગાબાઈને બોલાવી ઠપકો આપ્યો અને હવેથી આ છોકરીઓને કશું ન કહેવાનો આદેશ આપ્યો, આ કારણે દુર્ગાબાઈ શ્રીબાબા ઉપર અને ખાસ તો ગોદાવરી ઉપર ખૂબ ક્રોધે ભરાયાં. ગોદાવરી મિતભાષી હતાં. બધો વખત તેઓ કામમાં જ રહેતાં તેમ જ શ્રીબાબા જે ઉપદેશ આપતા તે શાંત ચિત્તે સાંભળતાં.

દુર્ગાબાઈ પોતાને શ્રીબાબાના સ્થાનના

કર્તાહર્તા ગણતાં હતાં. શ્રીબાબા પણ તેમની આજ્ઞામાં છે તેમ તેઓ માનતાં હતાં. વળી, પોતાના પુત્ર રઘુનાથને શ્રીબાબા પછી તેમની ગાદીના વારસ તરીકે તેઓ મનોમન ગણવા લાગ્યાં હતાં. શ્રીબાબા ગોદાવરીને મહત્ત્વ આપતા હતા. તેમના હાથમાંથી આ સ્થાનનો વહીવટ જતો રહેશે તેવો ભય તેમને સતાવતો હતો. આ માટે કોઈ ઉપાયની શોધમાં તેઓ હતા. તે અરસામાં તેના દીકરા રઘુનાથે માતાના કાનમાં કહ્યું કે આ બધાનો એક જ ઉપાય છે કે શ્રીબાબાને ખોરાકમાં કે પીવામાં વિષ આપી દેવું. શરૂમાં તો દુર્ગાબાઈને એ વાત રુચિ નહિ, પણ છેવટે એમ કરવાને તેઓ તૈયાર થઈ ગયાં.

રાત્રીની આરતી બાદ સ્થાનની ગાયનું દૂધ પીવાનો શ્રીબાબાનો નિત્યક્રમ હતો. એક રાત્રે શ્રીબાબા ભક્તોને સમજાવતા હતા કે શુદ્ધ આત્માની આજુબાજુ વાસનાનો કોશ ગૂંથાઈને જે જુદી અહંતા નિર્માણ થાય છે તેને જીવ કહે છે. પછી દેહ હોય કે ના હોય, દેહ જન્મે કે મરે એનું મહત્ત્વ રહેતું નથી. એ અરસામાં દુર્ગાબાઈ દૂધ લઈને આવ્યાં. શ્રીબાબાએ દુર્ગાબાઈ સામે નજર મિલાવીને પૂછ્યું, 'દુર્ગાબાઈ, મારે સાચે જ આ દૂધ પીવું પડશે ?'

'હા, બાબા પીવું જ પડશે.'

'પુનઃ એકવાર પૂછું છું. ખરેખર લઉં ?'

'હા.'

'ઠીક છે' એમ કહી શ્રીબાબાએ તે પવાલાનું દૂધ કંઠમાં ખાલી કરી દીધું.

અડધા કલાક પછી શ્રીબાબાના સર્વાંગમાં દાહ શરૂ થયો, જીભ કાળી પડી અને અંદર ખેંચાવા લાગી. બધા ભક્તો ભેગા થઈ ગયા. ડૉક્ટરને બોલાવાયા. શ્રીબાબા પોતે પૂર્વાશ્રમમાં વૈદ્ય હતા. તેઓ સ્વયં ઉપાય બતાવતા હતા. 'મને ખૂબ કન્હેર પિવડાવો. મને ઊંઘવા દેશો નહિ. બિલ્વપત્ર વાટીને આપો.' આખી રાત દોડાદોડી પછી શ્રીબાબાના પ્રાણ તો બચી ગયા પણ રક્તનો સ્રાવ શરૂ થયો. તેઓ ખૂબ ક્ષીણ થઈ ગયા. ધીમે ધીમે ઘીભાત, દૂધભાતના આહારની ડૉક્ટરે છૂટ આપી. આ બધા સમય દરમ્યાન બધી છોકરીઓમાં વિશેષ રીતે ગોદાવરીની સ્થિતિ વિકટ હતી. સાવિત્રીએ યમરાજાને આપેલી લડતને યાદ કરી સતત પ્રાર્થનાના ભાવમાં તેઓ રહ્યાં હતાં.' (ક્રમશઃ)

'મહાસતી શ્રીગોદાવરી માતાજી', પ્ર.આ.માંથી સાભાર ❑

---

**(અનુસંધાન પેજ નં. ૧૭ નું ચાલુ)**

આવનારાનાં દુઃખ કાપી શકતો નથી. તેમનાં કર્મ આડે આવે છે.

**પ્રશ્ન :** આપણો પુનર્જન્મ કેવા પ્રકારનો થશે ને ક્યારે થશે એનો આધાર શું હશે ?

**શ્રીમોટા :** દરેક જીવની જન્મોજન્મની સમગ્ર ને સળંગ સંસ્કારશક્તિ કેવા પ્રકારની છે તેને આધારે મૃત્યુટાણે તે જીવની કેવી ગતિ રહે છે તેના પર જલદી કે મોડો જન્મ થવાનો આધાર રહેલો છે. પુરુષશરીરધારી બીજા જન્મમાં સ્ત્રી પણ જન્મે અને સ્ત્રીશરીરધારી જીવ પુરુષ પણ જન્મે. આ ભવની આપણી પ્રકૃતિની ગતિ અને દિશા જેવા પ્રકારની હોય તેવા પ્રકારનો આપણો પુનર્જન્મ છે.

'શ્રીમોટા સાથે વાર્તાલાપ', આવૃત્તિ છઠ્ઠી ❑

## (૯) હિમાલયમાં દિવ્યાનંદ : (૧)

**દયાનંદ તીર્થ (દાસાનુદાસ)**

*(પૂજ્ય શ્રીદયાનંદ તીર્થ-દાસાનુદાસ ઉર્ફે બાપજીની સાધના અનેક જંગલોમાં, આબુરોડ-આબુપર્વતના વિસ્તારમાં તથા હિમાલય પ્રદેશમાં થયેલી. બાપજી ત્રીસેક વખત હિમાલયમાં ગયાનો અંદાજ છે. સને ૧૯૫૭માં હિમાલયના ટીહરી પાસેના ગંગાપ્રવાહમાં જળસમાધિ દરમ્યાન થયેલ અનુભવ બાદ તેઓશ્રીના જીવનનો પ્રવાહ ઈશ્વરમાં એકરૂપ બનેલો. 'છોટે કૈલાસ' મનાતા સ્થળ પરના નારાયણ આશ્રમના નિવાસ દરમ્યાન તેઓશ્રીએ લખેલા પત્રોનું પ્રકાશન સને ૧૯૯૯માં થયેલું. તેમાંથી આ પ્રથમ આચમન છે. પૂજ્ય બાપજીનું સ્થાન આબુરાજ અન્નક્ષેત્ર, મુ. પાટડી, જિ. સુરેન્દ્રનગરમાં આવેલું છે- સંપાદક)*

(૧)

ઑક્ટોબર, ૧૯૬૭

પવિત્ર ભારતભૂમિમાં હિમાલય એક શ્રેષ્ઠ સ્થાન છે. દિવ્ય સ્થાન છે, જ્યાં દેવતાઓનો ગુપ્તપણે નિવાસ છે. સાધના કરવાવાળા સાધકો માટે દિવ્યભૂમિ છે. અનેક સિદ્ધો સૂક્ષ્મરૂપે અહીં વિહાર કરે છે.

જ્યારે સાધકને ઈશ્વરી દિવ્યાનંદની સાચી ભૂખ જાગે છે ત્યારે તે સિદ્ધ પુરુષો સાધકને સૂક્ષ્મ રીતે અંતર્વાણી દ્વારા પ્રેરણા આપે છે, માર્ગદર્શન પણ આપે છે. સાધકની સાધના સરળ બની જાય છે.

(૨)

હિમાલયની ગોદમાં એક આશ્રમ છે. એક ઉચ્ચ કોટિના સંત-જેમને માનવસમુદાય 'નારાયણ' નામથી ઓળખે છે. તેમણે આ આશ્રમની સ્થાપના કરી છે. તેથી, તેને 'નારાયણ આશ્રમ' કહે છે. ત્યાં રહેવા માટે સપ્ટેમ્બર, ઑક્ટોબર અને નવેમ્બરની સિઝન વધુ સાનુકૂળ હોય છે. અહીં સત્યનારાયણનું એક સુંદર મંદિર છે અને એક અન્નપૂર્ણાલય છે. નીચે પોસ્ટ ઑફિસ છે. ચારેતરફ સુંદર બગીચો છે અને છૂટી છવાઈ નાની નાની રૂમો છે, જેમાં સાધકને એકાંત મળી રહે છે. ભજનકીર્તન માટે મંદિરમાં એક વિશાળ હૉલ છે. ડિસેમ્બરથી બરફ પડવો શરૂ થાય છે. ચારે તરફ કુદરતનું સૌંદર્ય છવાઈ રહેલું છે. સાધકને માટે ઓછી મહેનતે વધુ સફળતા પ્રાપ્ત થાય એવું આ એક અતિશ્રેષ્ઠ સ્થાન છે. બધા તેને 'છોટે કૈલાસ' કહે છે.

*નોંધ : આ આશ્રમનો ફોટો અગાઉ 'હરિભાવ'માં પ્રકાશિત થયેલ છે. આ લખાણના સંદર્ભમાં તે આ અંકના ટા.પે.૪ ઉપર પુનઃ પ્રકાશિત કરીએ છીએ. ત્યાં જવાનો માર્ગ એક રીતે દુર્ગમ છે. વિશેષ જાણકારી માટે (૧) શ્રી રમેશભાઈ પેથાણી, અમદાવાદ. મો. ૯૮૭૯૫૫૬૮૩૯ અને (૨) શ્રી શૈલેષ મહાદેવિયા, મુંબઈ, મો. ૦૯૮૩૩૧૫૧૦૩૮નો સંપર્ક કરી શકાશે.*

(૩)

**શરીર, સુરતા અને ચેતના**

જ્યારે જગતમાંથી પાછી વળેલી નજર અંતર્મુખ બનીને દૃષ્ટિ બની જાય, ઉપરાંત તે દૃષ્ટિ ઊર્ધ્વમુખી બનીને સુરતા બની જાય, તેની સાથે સાથે શ્વાસોશ્વાસ સ્થિર થઈને પ્રાણ બને અને પ્રાણ સ્થિર થઈને ચેતના બને ત્યારે સુરતા અને ચેતના એ બન્ને એકમેકના સહકારથી આત્માના અનંત આનંદના ભોક્તા બને છે.

એ અરસામાં એક ક્ષણ માત્ર જો શરીર તરફ જુએ તો તે વખતે તેમને શરીર ઉપર બહુ જ ઘૃણા આવે છે, તિરસ્કાર ઊપજે છે. એક જાતનું દૃઢ જ્ઞાન સ્ફુરે છે કે 'આવો દિવ્ય

આનંદ મને પ્રાપ્ત હોવા છતાં કેવળ આ નકામું શરીર જ વચ્ચે અંતરાયરૂપ હતું.' પરંતુ ઈશ્વરની દયાથી જો એ વખતે સુરતા અને ચેતના એકબીજામાં ઓગળી જાય અને લક્ષ બંધાઈ જાય તો પાછો વિશેષ જ્ઞાનનો ઉદય થાય અને સમજાય કે **'શરીર તો આપણી જ ઈચ્છાઓથી બનેલા પ્રારબ્ધની સાથે સંકળાયેલું છે, તે બિચારું જૂનું પ્રારબ્ધ ખપાવે છે તેમાં એનો શો દોષ ?** બસ, એ જ વખતે શરીર ઉપરની ઘૃણા અને તિરસ્કાર બંધ થઈ જાય છે. શરીર અને પોતે બેઉ જુદા પડી જાય છે. શરીરને જૂનું પ્રારબ્ધ સોંપીને પોતે નવીન પુરુષાર્થમાં જોડાઈ જાય છે, તે વખતે આપણી અંદર લક્ષમાંથી એક નાદ ઊઠે છે, તે નાદમાંથી અનંત જ્ઞાનનો ઉદય થાય છે. ધીરેધીરે એમાંથી પણ નીચે આવીને તે બન્ને જુદાં પડે છે. (૧) સુરતા અને (૨) ચેતના.'

પછી તો એક જ રટણ ચાલ્યા કરતું હોય છે, આ બધું 'તું' છે. આ બધું 'તારું' છે અને આ બધું 'તારી સત્તા તળે છે, ૐ.' કેવળ શરણભાવ જાગૃત રહે છે. 'પ્રભુ દોરે ત્યાં દોરાઈ જવું. જેમ રાખે તેમ રહેવું' ૐ આનંદ, આનંદ, આનંદ.

## (૪)
## વિદેહી સંતોની પ્રેરણા

વિજયાદશમી

શ્રીનારાયણ શરીર છોડ ગયે, આત્મભાવ રખ ગયે. પ્રાતઃકાળે એક પ્રેરણા મળી, **'જગતના જીવો પાસે પ્રેમની આશા રાખવી મૂર્ખતા છે.** આશા સે નિરાશા હોતી હૈ. નિરાશા સે રોના પડતા હૈ ઔર રોને સે રૂક જાના પડતા હૈ—ભૂલ જાઓ, આગે બઢો. તુમારા ફર્જ થા પ્રેમ દેના. દે દીયા બસ ૐ આનંદ, આનંદ, આનંદ. ૐ ૐ ૐ...'

કેટલીક વાતો સમજણમાં હોવા છતાં અમલમાં નથી મુકાતી, પણ કોઈ મહાન સંતનો આદેશ પ્રાપ્ત થાય તો તરત જ એ વાત જીવનમાં ઊતરે છે. શરીરધારી સંતો કરતાં શરીર છોડી જનારા વિશાળ ભાવનાવાળા સંતો સૂક્ષ્મ રીતે સાધક માત્રને વધુ પડતું પ્રોત્સાહન અને પ્રેરણા આપે છે ૐ.

## (૫)
## શુદ્ધિ

સાધક માત્રે ખાસ યાદ રાખવું કે **બહિરૂશુદ્ધિ સિવાય આંતરૂશુદ્ધિ થતી જ નથી.** જેનાં આંતરડાં સાફ તેનું અંતર સાફ. દાતણ કરતી વખેત ખાસ યાદ રાખવું કે દાંત, જીભ, ગળું અને તાળવું બરાબર સાફ કરવાં.

ભોજન વખતે યાદ રાખવું કે સાદું અને થોડું ખાવું. ખાતાં ખાતાં વચ્ચે વચ્ચે થોડું પાણી પીવું. ખાધા પછી બે કલાક સુધી પાણી ના પીવું. પછી થોડું થોડું પણ ઘડી ઘડી પીવું.

રોજ પ્રાતઃકાળે સંડાસ જવું જ જોઈએ. પેટ એટલું બધું સાફ રહેવું જોઈએ કે ધીરે ધીરે દાતણ કરવાનું પણ છૂટી જાય, કેમ કે આંતરડાંમાં મળ પડ્યો પડ્યો ગંધાય છે, બફાય છે અને તેનો બાફ ગળામાં તથા તાળવામાં અને દાંત ઉપર બાઝે છે અને એ દુર્ગંધ દૂર કરવા જ આપણે દાતણ કરવું પડે છે.

ખાસ યાદ રાખો કે દુર્ગંધનું મૂળ આંતરડાંમાં છે. તેને સાફ રાખો તો બાકીનું બધું સાફ જ રહેશે. ૐ આનંદ, આનંદ, આનંદ.

તા. ૫-૧૧-'૬૭

એકાગ્રતા એ ધ્યાનનું પ્રથમ અંગ છે. માટે, શરૂમાં કોઈપણ પદાર્થની સાથે અથવા કોઈ પણ પ્રસંગની સાથે ઓતપ્રોત થતાં શીખવું જોઈએ. પછી ધીરે ધીરે તે પદાર્થ તથા તે પ્રસંગ તરફથી લક્ષ ખેંચી લઈને કેવળ વર્તમાનકાળમાં જ ડૂબી જવું. જ્યાં સુધી કોઈ પણ પદાર્થ કે પ્રસંગનું સ્મરણ રહે ત્યાં સુધી તે અવસ્થાને ધ્યાન કહેવાય નહિ.

'હિમાલયમાં દિવ્યાનંદ', પ્ર.આ. ❑

## (૧૦) પ્રાર્થનાનું બળ

શ્રીમોટા

એક સ્ટેશન માસ્તર હતો. પંચમહાલમાં જંગલમાં હું ફરતો હતો ત્યારે મને ખબર પડેલી. જંગલમાં બિચારો સ્ટેશન માસ્તર અટૂલો હોય. પૈસાથી ભરેલી ચામડાની થેલી તૈયાર કરી એને સીલમારી ગાડીમાં આપવા જતો હતો. ત્યાં ઝૂંટ મારીને કોઈક એ થેલી લઈ ગયો. એણે પોલીસમાં ફરિયાદ કરી કે 'મારી આવી સ્થિતિ છે અને ચોરી થઈ ત્યારે આટલા માણસો હાજર હતા.' પોલીસે તપાસ કરી કે વાત સાચી છે કે ખોટી ? સરનામાં લખી લીધાં. પછી ત્યાં જઈ તપાસ કરી આવ્યા કે વાત સાચી છે. અમારા દેખતાં જ ચામડાની એ થેલી કોઈ ઉપાડી ગયું. બીજું એ કંઈ જાણતા નથી એ માણસ કોણ હતો ? કેવો હતો ? કંઈ જ જાણતા નથી. એ લઈ ગયો. સ્ટેશન માસ્તર તો રડ રડ કરે. પણ એની બૈરી એને વારંવાર કહે-પંચમહાલમાં ભીલોમાં હું કામ કરતો એટલે હું ત્યાં જ હતો-બૈરી કહે, 'રડ રડ શું કરો છો ? રડવાથી શું વળવાનું છે ? આપણે કંઈ ચોરી કરી નથી. તમે ભગવાનને પ્રાર્થના કરો. આપણે ભગવાનને પ્રાર્થના તો કરીએ. એ મળવાનું હશે તો મળશે. નહિ મળવાનું હોય તો નહિ મળે, પણ પ્રાર્થના તો કરીએ. ભગવાનની આગળ પ્રાર્થના કરીએ. આપણે ભગવાનને ના માનતાં હોઈએ, પણ આપણે નથી માનતાં એવું કંઈ હોતું નથી. આપણે ના માનીએ એ જુદી વાત છે, પણ એ આપણને નથી માનતો એવું નથી. માટે, આપણે પ્રાર્થના કરો.' પેલો કહે, 'તું તારે કર. મારા મોંમાંથી પ્રાર્થનાના શબ્દો નહિ નીકળે.' એ બૈરીએ પ્રાર્થના કરી-બરાબર રડતાં રડતાં પ્રાર્થના કરી. એવા શબ્દોથી ભગવાનને પ્રાર્થના કરી કે જે માણસ પેલી થેલી લઈ ગયો હોય એ થેલી પાછી આપવા રાત્રે આવ્યો. એને પછી બહુ પસ્તાવો થયો. કહે, 'મારી બૈરી મને બહુ લઢી અને કહ્યું, 'જંગલમાં બિચારા સ્ટેશન માસ્તર એકલા રહે છે. એની પાસે પૈસો નહિ અને તેં આવું કર્યું ? તો એની શી વલે થશે ? સરકારમાંથી એની નોકરી જશે, બીજે કંઈ ચોરી કરજે પણ આ ના કરીશ.' પેલી બાઈ પ્રાર્થના કર્યા કરતી હતી, એના લીધે હોય કે ગમે તેમ હોય, પણ થેલી પાછી આવી. એ જોઈને એ સ્ટેશન માસ્તર બહુ રાજી થયો. એ તો થેલી જોઈને નાચવા લાગ્યો. થેલી લઈને આવનારને બાથમાં લઈને બેસાડ્યો. એની પત્નીએ ચાપાણી કરાવ્યા, નાસ્તો કરાવ્યો, જમાડ્યા બરાબર અને ભગવાનને પ્રાર્થના કરી કે, 'હે પ્રભુ, આવા સંકટમાં તમે જે મદદ કરી, કૃપા કરી ઉગાર્યા'- બૈરી તો બરાબર માની ગયેલી-હું એ વખતે હાજર હતો. ધણી માનતો ન હતો. એ તો કહે, 'આ તો ઑટોમૅટિક (=આપોઆપ) બન્યું.' પત્ની કહે, આ તો બને નહિ કે બન્યું. ભગવાનને ના માનતા હો તો ના માનો. ગમે તેમ થેલી પાછી મળી તો ખરી. જઈને પછી સ્ટેશન માસ્તરે વાત કરી કે 'જે લઈ ગયો હતો, તે પાછી આપી ગયો.' પણ રેલવેખાતામાં એ સ્ટેશન માસ્તરના નામ પર ચડ્યું તે ચડ્યું. એ છૂટ્યો ત્યાં સુધી નીકળ્યું નહિ, કે એણે જ આ ગોલમાલ કરેલી. પેલા માણસને તૈયાર કરીને ચોરી કરાવી છે.

'તદ્રૂપ-સર્વરૂપ', પ્ર.આ. પૃ. ૯૧ ❑

## (૧૧) મંત્રની શક્તિ

**શ્રીમોટા**

પૂનાથી પંચગિની જવાના રસ્તા ઉપર કમરઅલી નામના બે પથ્થરો છે, એમાં મંત્રની શક્તિ છે. એક પથ્થર છ મણના (૧૨૦ કિલોગ્રામ) છે અને બીજો પથ્થર ચાર મણનો (૮૦ કિલોગ્રામ) છે. આમ, એ પથ્થર સહેલાઈથી ઊંચકી શકાય નહિ. 'કમરઅલી દરવેશ' નામના મંત્રની શક્તિ એ પથ્થરમાં મુકાયેલી છે. નાનો પથ્થર નવ વ્યક્તિઓ માત્ર આંગળી અડાડે અને 'કમરઅલી દરવેશ' બોલે એટલે એ પથ્થર ઊંચો કરી શકાય. એ શબ્દનું ઉચ્ચારણ ચાલુ રહે ત્યાં લગી એ પથ્થર ઊંચકાયેલો રહે, પણ જ્યારે કોઈ પણ શ્વાસ મૂકી દે ત્યારે તેની પાસે પથ્થર પડે. મોટો પથ્થર અગિયાર જણ આંગળી અડાડીને ઊંચકી શકે. આમ કરવામાં માત્ર 'કમરઅલી દરવેશ'નો ઉચ્ચાર જ કામ લાગે અને તેમ કરવા માટે બધા પુરુષો જ હોવા જોઈએ. સ્ત્રી હોય તો ન ઊંચકાય. મથુરીબહેને એનું રહસ્ય જણાવ્યું કે પુરુષના અવાજની 'પિચ' ઊંચી હોય છે. કમરઅલી દરવેશની માફક 'હાઈપિચ'થી આંદોલનો મુકાયાં હશે. વળી, આમાં ૮ કે ૧૦ પુરુષો નહિ, પણ નવ જ પુરુષો જોઈએ. આનો પ્રયોગ ગમે તે વ્યક્તિઓનો સમૂહ કરી શકે છે. શબ્દનાં આંદોલનોમાં કેટલી બધી શક્તિ છે તેની આ હકીકત એ સાબિતી છે. શબ્દની શક્તિથી આવો પથ્થર ઊંચો થાય તો મનુષ્યશરીરમાં શક્તિ કેમ ન પ્રગટે ? પણ આપણામાં સહકારની ભૂમિકા પ્રગટતી નથી. જીવપ્રકારની વૃત્તિઓને લીધે સંઘર્ષણ પ્રગટે છે. તેથી, શબ્દની અસર ઉદ્ભવતી નથી.

'મૌનમંદિરનું હરિદ્વાર', પ્ર. આ. પૃ. ૮૫ ❏

### 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | ઈલાબહેન એમ. દેસાઈ | ઝાલોદ | ૫,૦૦૧/- |
| ૨. | ગૌરાંગ મર્ચન્ટ | અમેરિકા | ૪,૩૩૨/- |
| ૩. | કિરણબહેન ઈચ્છાશંકર જોષી | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૪. | સોનલ બીડીપાનવાલા | સુરત | ૧,૦૧૦/- |
| ૫. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૬. | રીટાબહેન મૂકેશકુમાર ઠાકોર : જન્મદિન નિમિત્તે ૧૯-૧ (હાલ સિડની) | અમદાવાદ | ૫૦૧/- |
| ૭. | સુનિલકુમાર હરિભાઈ પ્રજાપતિ : પુત્ર જન્મ નિમિત્તે | નરોડા | ૫૦૧/- |
| ૮. | અરવિંદ કુંવરજી ભાનુશાલી | મુંબઈ | ૫૦૧/- |
| ૯. | પુત્રવધૂ ખ્યાતિ રોનક મહેતા જન્મદિન તા. ૧ જાન્યુઆરી નિમિત્તે હસ્તે જયશ્રી જ્યોતીન્દ્ર મહેતા | લંડન | ૫૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

## (૧૨) મૃત્યુ સ્વાભાવિક સ્થિતિ છે, આપણે એને અકારી કરી મૂકી છે શ્રીમોટા

આપણી જેવી ભાવના હશે, તેવો અનુભવ આપણને મોડો વહેલો થયા કરશે. તે ઉપરાંત, આપણી જેવી માન્યતા હશે તેવા જ આપણે રહેવાનાં છીએ કે થવાનાં છીએ. પ્રત્યેક લાગણીઓ ભાવનાગત છે, એટલે આપણી જેવી જાતની ભાવના હશે તેવી જાતની લાગણીઓ આપણને મળતા પ્રસંગો ઉપરથી ઉદ્ભવશે.

એક દૃષ્ટિએ જોઈએ તો જગત એ મૃત્યુનો મુલક છે. જગતમાં એક અણુ પણ એવું નથી કે જેના ઉપર મૃત્યુની છાયા ન હોય. મૃત્યુની કારમી ઝડપમાં આવી ગયેલાં સ્થૂળ શરીરોનું ચૈતન્યતત્ત્વ હવામાં રહ્યું છે. આખા વિશ્વમાં પ્રતિક્ષણ નવું સર્જન થતું જણાય છે. પરમ તત્ત્વના રૂપરંગ બદલાયા કરે છે, તત્ત્વ તો એનું એ જ રહે છે. **આવા નિરંતરના પલટાને આપણે જગત કહીએ છીએ.** માનવીએ જેને મૃત્યુ કહ્યું છે તે આવા પલટા સિવાય બીજું કંઈ જ નથી. પરમ તત્ત્વ ક્ષણે ક્ષણે પરિવર્તન પામી રહ્યું છે, એ પરિવર્તનને આપણે મૃત્યુ કહીએ છીએ.

મૃત્યુનું સ્વરૂપ જગતે માની લીધેલું છે એવું કારમું છે જ નહિ. માનવીની નજરે મૃત્યુ ખૂબ ભયંકર દેખાય છે, પણ એમાં સાચી વસ્તુનું અજ્ઞાન છે. પ્રતિક્ષણ બદલાઈ રહેલા વિશ્વમાં જીવનના જેટલું જ મહત્ત્વ ધરાવતી વસ્તુસ્થિતિ મૃત્યુમાં છે. જ્યાં મૃત્યુ છે ત્યાં જ નૂતન જીવન પણ છે અને જ્યાં જીવન છે ત્યાં મૃત્યુનું પરિણામ નિશ્ચિત છે. એમ પણ કહી શકાય કે પ્રત્યેક વસ્તુ પળેપળ રૂપાંતર પામતી જાય છે એટલે કે જૂનું નાશ પામે છે અને એ જ પળે નવું જન્મે છે.

મૃત્યુ અને જીવન એક જ જીવન તત્ત્વનાં બે દર્શન છે, પણ તેમાં આપણે-માનવીએ-આકાશપાતાળનો ભેદ પાડી દીધો છે ને **મૃત્યુ જેવી એક સામાન્ય અને સ્વાભાવિક સ્થિતિને આપણે અકારી કરી મૂકી છે.** એ ઉપરથી સમજી શકાય કે હજી જગત કેટલું અજ્ઞાત દશામાં પડ્યું છે, જીવનતત્ત્વ જેટલું જ મૃત્યુ મંગલકારી છે.

મૃત્યુના સ્વરૂપને આવું ભયંકર માનવાના મૂળમાં અગમ્ય વિશેનો માનવીનો ભય રહેલો છે.

જન્મની પૂર્વે અને પછી જીવનું શું થાય છે એ નથી સમજાતું ત્યારે વિવિધ કલ્પનામાંથી જીવનનો પલટો કરનાર મૃત્યુની સ્થિતિને માનવી ધિક્કારે છે અને તેનાથી ભય પામે છે. માનવી જાણે છે ખરો કે નામ તેનો નાશ છે, તેમ છતાં એ સત્યની સદાય અવગણના કરીને જીવે છે.

જીવનશક્તિની ઉપર પડેલા સંસ્કાર પ્રમાણે આ જગતની પાર વિનાની વસ્તુઓમાં આસક્તિ કેળવી છે તેમાં રસ લીધો છે, પરંતુ એના સ્વાભાવિક ક્રમ પ્રમાણે એ પરિવર્તન પામે છે એ આપણે સાંખી શકતાં નથી. સતત પરિવર્તન પામવાની સાચી અને અનિવાર્ય જગતની પરિસ્થિતિનો અસ્વીકાર કરવાની મનોદશામાં નર્યું અજ્ઞાન અને અંધાપો જ છે. એના પરિણામે આ દશા થાય છે.

મૃત્યુની પાછળ શોક કરવામાં તો નરી આસક્તિ જ છે અને અજાણી પણ ઊંડી આપણી સ્વાર્થવૃત્તિ પણ હોય. સ્વજનના મૃત્યુમાં આપણે કોઈ પણ પ્રકારના સ્થૂળ કે સૂક્ષ્મ સ્વાર્થનું છેદન જોઈએ છીએ. આપણે તો એમ માનતાં હોઈએ છીએ કે આપણું દુઃખ આપણા સ્વજન પ્રત્યેના સાચા પ્રેમને પરિણામે છે, નકારાત્મક લાગણીઓથી જીવનનો વિકાસ થતો નથી.

મૃત્યુ એટલે એક મહાન અનિવાર્ય પરિવર્તન. સંસાર કે જગતનો એક અર્થ જ જે સરે, જે જાય કે ચાલે તે.

'જીવન સંદેશ', પ્ર. આ. પૃ. ૨૩૩ ❑



પૂજ્ય શ્રીમોટાએ ડૉ. નવનીત ફોજદારને સુવર્ણચંદ્રકથી સંમાનિત કર્યા હતા.

તા. : ૩૧-૦૧-૧૯૭૧

*સંદર્ભ : આપણું વિચારવલોણું, ઑક્ટોબર ૨૦૧૮*



"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



શ્રીનારાયણ આશ્રમ : (છોટે કૈલાસ)
પો. કૈલાસ. જિ. પિથોરાગઢ (ઉત્તરાખંડ) હિમાલય

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com